**આજનો સુવિચાર**

જેઓ જોખમ લેવાનું જાણે છે, તેઓ સફળતાના માર્ગમાં સૌથી આગળ હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૩૦૨ જૂનાગઢ તા.૦૯-૧૨-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 302, Junagadh : Date : 09 December, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## દેશમાં ૪૪ સ્થળે એનઆઈએનાં દરોડા -૧૩ઉની ધરપકડ - આઈએસ મોડયુલનો પર્દાફાશ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૯

કુખ્યાત આતંકી સંગઠન આઈએસઆઈએસ દેશમાં મોટાપાયે ભાંગફોડના ષડયંત્ર રચી રહ્યું હોવાથી ગુપ્તચર સહિતની માહિતીને પગલે આજે સવારથી જ નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં ૪૪થી વધુ સ્થળો પર દરોડા પાડીને ૧૩ લોકોની ધરપકડ કરી છે.

કર્ણાટકમાં કેટલાક અંદરના સ્થળો પર આ કાર્યવાહી ચાલે છે તો મહારાષ્ટ્રમાં પુના, થાણા, ગ્રામીણ તથા શહેરી ક્ષેત્ર અને મીરા ભાયંદરમાં પણ આ પ્રકારની કાર્યવાહી થઈ રહી છે. એનઆઈએના અધિકારીના જણાવ્યા મુજબ દેશમાં અલ-કાઈદા, આઈએસઆઈએસ તથા તેના સહયોગી સંગઠનોએ અત્યંત કટ્ટરવાદી અને હિંસામાં માનતા લોકોનું એક ગ્રુપ બનાવ્યું છે અને તે આ પ્રકારની આતંકી પ્રવૃતિને અંજામ આપવા કોશીશ કરી શકે છે. આ પ્રવૃતિ આંતરરાષ્ટ્રીય કનેકશનથી ચાલી રહી છે તથા વિદેશ સ્થિત આઈએસઆઈએસના લોકો તેનું સંચાલન કરે છે.

જેમનો પ્રથમ ઉદેશ કટ્ટરવાદી વિચારધારાને આગળ વધારવાનો છે. પુનામાં અને થાણેમાં ૯ અને ભાયંદરમાં ૩૧ સ્થળો પર દરોડા ચાલી રહ્યા છે. મહારાષ્ટ્ર આઈએસઆઈએસ મોડયુલનો પર્દાફાશ થયા બાદ જે માહિતી મળી તેના પરથી આ પગલા લેવાઈ રહ્યા છે. જુલાઈ માસમાં એનઆઈએએ એક તબીબ નાસર સિદીકીની મુંબઈની ધરપકડ કરી હતી. આ ઉપરાંત પુના, થાણે, ભાયંદરથી તેના કેટલાક સાથીઓને ઝડપ્યા હતા તેમની પુછપરછ પરથી નવા મોડયુલર અંગે ખુલાસો થયો હતો.



## ૧૧ ડિસેમ્બરથી ઉત્તર ભારતનાં રાજયોમાં કાતીલ ઠંડીનો દોર



નવી દિલ્હી તા. ૯

૧૧ ડિસેમ્બરથી સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાઈ રહ્યું છે તેના કારણે આવતા અઠવાડિયાથી ભારતના ઉત્તરીય રાજ્યોમાં જોરદાર ઠંડી પડશે, પહાડો ઉપર બરફ વર્ષા અને વરસાદ માટે એલર્ટ અપાયું છે. હિમાચલના પર્વતીય વિસ્તારોમાં બરફ વર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદની આગાહી છે. અનેક રાજ્યોમાં ગાઢ ધુમ્મસની આગાહી છે. ઉત્તરાખંડમાં હિમવર્ષા શરૂ થઈ ગઈ છે.

## વિશ્વનાં સૌથી લોકપ્રિય નેતાઓમાં નરેન્દ્ર મોદી ટોપ પર

વોશિંગ્ટન તા.૯

વિશ્વના સૌથી લોકપ્રિય નેતાઓની યાદીમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. અમેરિકા સ્થિત કન્સલ્ટન્સી ફર્મ મોર્નિંગ કન્સલ્ટના અનુસાર નરેન્દ્ર મોદી ૭૬ ટકા લોકોના પસંદગીના નેતા છે. સર્વેક્ષણ અનુસાર અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન આ યાદીમાં આઠમાં ક્રમે છે. જેમને ૩૭ ટકા લોકોએ પોતાની પસંદગીના નેતા બતાવ્યા હતા. ૨૯ નવેમ્બરથી પાંચ સપ્ટેમ્બર સુધીમાં આંકડાના આધારે આ રિપોર્ટ જાહેર કરાયો છે. ઉલ્લેખનીય છે કે મોર્નીંગ કન્સલ્ટે આ વર્ષે સપ્ટેમ્બરમાં વડાપ્રધાન મોદીને વિશ્વ સ્તર પર સૌથી વધુ વિશ્વસનીય નેતા દર્શાવ્યા હતા. ત્યારે પણ તે ૭૬ ટકા લોકોની પસંદ રહ્યા હતા.

## ડુંગળીનાં નિકાસ પર પ્રતિબંધ મુકાતા ખેડૂતોમાં ભારે રોષ



નવી દિલ્હી, તા.૯

સ્થાનિક બજારોમાં ડુંગળીના ભાવ અચાનક વધી જતાં જનતા તકલીફ ભોગવી રહી છે. ડુંગળીના ભાવ વધતા રોકવા માટે કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો છે. વિદેશ વ્યાપારના ડાઈરેક્ટર જનરલ તરફથી આ વિશે વિગત જાહેર કરવામાં આવી છે. સરકારની નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ લાગુ રહેશે. વિદેશમાં ડુંગળી મોકલી નહીં શકાય. ઉલ્લેખનીય છે કે, કાંદાની નિકાસ ઘટાડવા માટે સરકારે ગયા ઓગસ્ટ મહિનામાં ૪૦ ટકા એક્સપોર્ટ ડ્યૂટી લગાવી હતી.

પરંતુ, સરકારના નિર્ણયથી મહારાષ્ટ્રના ડુંગળી ઉત્પાદક ખેડૂતો ગુસ્સે ભરાય છે. નાશિક અને સોલાપૂર જિલ્લાઓમાં ખેડૂતોએ ડુંગળીનું લિલામ બંધ કરી દીધું છે. તે ઉપરાંત નાશિકના ખેડૂતોએ મુંબઈ-આગ્રા હાઈવે પર 'રસ્તા રોકો' આંદોલન શરૂ કર્યું છે.

## છેલ્લા ૩ વર્ષમાં ૩૯૭ સિંહોનાં મોત



નવી દિલ્હી, તા.૯:

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના મંત્રીએ સંસદના ચાલુ શિયાળુ સત્ર દરમિયાન રાજ્યસભામાં એક પ્રશ્નનો જવાબ આપ્યો હતો. રાજ્યના અહેવાલ મુજબ, ગુજરાતમાં ૨૦૧૯-૨૦૨૧ સુધીમાં ૦-૧ વર્ષના ૧૮૨ બચ્ચા સહિત ૩૯૭ સિંહોના મૃત્યુ થયા છે. જેમાં લગભગ ૧૦% અકુદરતી કારણોથી મૃત્યુ પામ્યા છે, એમ સંસદને ૭ ડિસેમ્બરે જણાવવામાં આવ્યું હતું.

આ આંકડાઓએ સિંહ પ્રત્યે ચિંતા વધારી દીધી છે. તો બીજી તરફ ચૌબેએ ગુજરાતમાં સિંહ સંરક્ષણ માટે કેન્દ્ર સરકારના સમર્થન પર ભાર મૂક્યો હતો.

રાજ્યને વન્યજીવ આવાસના સંકલિત વિકાસની કેન્દ્રીય પ્રાયોજિત યોજના હેઠળ ભંડોળ સહાય મળે છે, જે એશિયાટિક સિંહોના સંરક્ષણ, વન્યજીવ સંરક્ષણ વિશે જનજાગળતિ વધારવા અને રહેઠાણોનું સંચાલન કરવા સહિત વિવિધ પહેલો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## ઝારખંડ સ્થિત કોંગ્રેસનાં સાંસદ ધીરજ શાહુનાં નિવાસ સ્થાનેથી રૂા. ૩૦૦ કરોડની રોકડ ઝડપાઈ



આવકવેરા સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેગમાં ઘરેથી મળી આવેલા ઘરેણા હતા. જોકે, આ વાતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

રાંચી, તા.૯

ઝારખંડના કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ધીરજ સાહુ અને તેની સાથે જોડાયેલી કંપનીઓ પર આવકવેરા વિભાગના દરોડા ત્રીજા દિવસે પણ ચાલુ રહ્યા હતા. આવકવેરા અધિકારીઓએ રાંચીમાં તેમના નિવાસસ્થાન અને ઑરીસ્સાના સ્થળોએ દરોડા પાડ્યા હતા.

આ સમયગાળા દરમિયાન, ધીરજ સાહુના ઠેકાણાઓમાંથી લગભગ ૩૦૦ કરોડ રૂપિયા રિકવર કરવામાં આવ્યા છે અને હજુ પણ નોટોની ગણતરી ચાલુ છે.

રોકડની રિકવરી બાદ ઝારખંડનું રાજકારણ ગરમાયું છે. સમગ્ર મામલામાં ભાજપ શાસક પક્ષ કોંગ્રેસ અને જેએમએમ પર હુમલો કરનાર બની ગયું છે. દરોડાના ત્રીજા દિવસે આવકવેરા વિભાગની ટીમે રાંચીના રેડિયમ રોડ પર મેનધિરાજ સાહુના ઘર સુશીલા નિકેતનમાંથી ત્રણ સૂટકેસ ઝડપી લીધા હતા.

## સુરેન્દ્રનગર નજીક વધુ એક ગમખ્વાર અકસ્માત : કાર - ડમ્પર વચ્ચે ટકકર થતાં વરરાજાનાં માતા-પિતાનું મોત

વઢવાણ તા. ૯

સુરેન્દ્રનગર જિલ્લામાં ફૂલગ્રામ નજીક વધુ એક અકસ્માત સર્જાયો છે જેમાં પુત્રના લગ્ન પુરા કરી ક્રેટા કારમાં અન્ય પરિવારજનો સાથે આવતા દંપતિના મોત નીપજ્યા છે. જ્યારે જાનમાંથી પરત ફરતા અન્ય ત્રણ લોકોને પણ ઈજા થતાં તેઓને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

લીમડીથી પુત્રના લગ્ન પૂર્ણ કરી અને થાનગઢ પરત ફરતા હતા તે દરમિયાન લીંબડી રાજકોટ હાઈવે ઉપર ઓવરલોડ ડમ્પર બેફામ સ્પીડે આવી રહ્યું હતું ત્યારે સામે આવતી ક્રેટા કાર સાથે આ ડમ્પર અથડાયું હતું.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર લીંબડી લગ્ન પતાવી અને ત્યારબાદ થાનગઢ પરત ફરતા સમયે આ અકસ્માત સર્જાયો છે ક્રેટા કારમાં સવાર દંપતિનું મોત નીપજવા પામ્યું છે. જોકે અકસ્માતમાં મૃત્યુ પામનાર હરિભાઈ અલગોતર તેમની ઉંમર વર્ષ ૪૫ છે ત્યારે મેરાબેન હરિભાઈ અર્ગોતર તેમની ઉંમર ૪૦ વર્ષ હોવાનું બહાર આવ્યું છે.

## છેલ્લા પાંચ વર્ષમાં વિદેશમાં ભણતા ૪૦૩ ભારતીય વિદ્યાર્થીઓનાં મોત

નવી દિલ્હી તા. ૯

વિદેશ રાજયમંત્રી વી મુરલીધરને રાજ્યસભામાં લેખિત જવાબમાં જણાવ્યું કે, મંત્રાલય પાસે ઉપલબ્ધ માહિતી પ્રમાણે, ૨૦૧૮થી અત્યાર સુધીમાં વિદેશમાં અભ્યાસ કરતાં ૪૦૩ ભારતીય વિદ્યાર્થીઓના મૃત્યુના બનાવ નોંધાયા છે. જેમાં કુદરતી કારણો, અકસ્માત અને મેડિકલ કંડિશનનો સમાવેશ થાય છે. ૩૪ દેશોમાંથી કેનેડામાં સૌથી વધુ ૯૧ ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. રાજ્યસભામાં આપવામાં આવેલા આંકડા પ્રમાણે, કેનેડા બાદ સૌથી વધુ મોત યુનાઈટેડ કિંગ્ડમમાં નોંધાયા છે.

## સરકારી નોકરીયાત પતિ-પત્નીની એકજ જગ્યાએ પોસ્ટીંગની માંગણી કરતી અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી

નવી દિલ્હી તા. ૯ : હાઈકોર્ટની લખનૌ બેંચે એક મહત્વપૂર્ણ નિર્ણય સંભળાવ્યો. તેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે જો પતિ-પત્ની બંને સરકારી નોકરીમાં હોય તો તેમની એક જ જગ્યાએ પોસ્ટીંગ પર વિચાર કરી શકાય છે, પરંતુ આ અનિવાર્ય અધિકાર નથી. કોર્ટે કહ્યું કે પતિ-પત્નીની એક જગ્યાએ પોસ્ટીંગ ત્યારે જ શક્ય છે જો તેનાથી વહીવટી જરૂરિયાતોને કોઈ નુકસાન ન થાય. આ ટિપ્પણીઓ સાથે, કોર્ટે મૂળભૂત શિક્ષણ વિભાગની ટ્રાન્સફર નીતિમાં દખલ કરવાનો ઈન્કાર કર્યો છે.

સેંકડો સહાયક શિક્ષકો વતી દાખલ કરાયેલી કુલ ૩૬ અરજીઓની એક સાથે સુનાવણી કરતી વખતે જસ્ટિસ ઓમ પ્રકાશ શુક્લાની સિંગલ બેન્ચે આ નિર્ણય સંભળાવ્યો છે. અરજદારોએ જણાવ્યું હતું કે તેમના જીવનસાથી રાષ્ટ્રીયકૃત બેંકો, LIC, વીજળી વિતરણ નિગમ, NHPC, BHEL, મધ્યવર્તી કોલેજો, પાવર કોર્પોરેશન અને બાળ વિકાસ પ્રોજેક્ટ વગેરે જેવા જાહેર ક્ષેત્રોમાં પોસ્ટેડ છે. કોર્ટે પોતાના વિગતવાર નિર્ણયમાં કહ્યું કે સરકારની નીતિમાં કોઈ ગેરરીતિ કે ગેરકાયદેસરતા નથી. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે કલમ ૨૨૬ની સત્તાનો ઉપયોગ કરીને સરકાર કે બોર્ડને નીતિઓ બનાવવાનો આદેશ આપી શકાય નહીં અને ઉપરોક્ત જાહેર ક્ષેત્રના કર્મચારીઓને સરકારી સેવામાં કામ કરતા ગણી શકાય નહીં.


**હોટેલ ગ્રીનલેન્ડ**

જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ

સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન

મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ

**ઠાકર થાળ** એક ખાનદાની પરંપરા

સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ

જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

**ઓફીસ વેચવાની છે**

ફર્નિચર, સેકસન, AC સાથે
૩૦૨, શ્રીરાજ કોમ્પ્લેક્ષ, વણઝારી ચોક, દરગાહ પાસે, સાઈઝ 8'5x16'
વહેલા તે પહેલાના ધોરણે કસમાં વેચવાની છે
સંપર્ક : ૯૮૨૫૧ ૧૧૮૦૩

**ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે**

જૂનાગઢનાં ક્રિમ વિસતાર જોષીપરામાં ગણેશનગરમાં ૧૦૫ વારનું નીચે 2BHK કિચનઉપર ત્રણ રૂમ, સારી કન્ડીશનમાં, વ્યાજબી કિંમતમાં
વહેલા તે પહેલાના ધોરણે ડુપ્લેક્ષ વેચવાનું છે
સંપર્ક : ૯૭૩૭૦ ૫૧૦૯૯



**મહાયોગી વિરેચન ચૂર્ણ**

દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુ:ખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે

માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫

**ૐ નેચર કયોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જયોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ


C M Y K

# જૂનાગઢમાં મુખ્ય સ્વામિનારાયણ મંદિરે એકાદશી પર્વની ઉજવણી : ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેરમાં જવાહર રોડ ઉપર આવેલા મુખ્ય સ્વામીનારાયણ મંદિર ખાતે સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવો બિરાજમાન છે અને સાક્ષાત સિધ્ધેશ્વર મહાદેવ ભકતજનોની મનોકામના પુર્ણ કરે છે. પૂનમે ભાવિકોનો મેડાવડો અહીં રહે છે જયારે વિવિધ પર્વ પ્રસંગે પણ મંદિર ટ્રસ્ટ દ્વારા ધર્મોત્સવના કાર્યક્રમો યોજવામાં આવે છે. ચેરમેન શ્રી પૂજય દેવનંદન સ્વામી તથા મુખ્ય કોઠારી પૂજય પ્રેમસ્વરૂપદાસજી તથા પૂજય પી.પી. સ્વામી સહિતના સંતો અને સેવકગણો દ્વારા અહીં આવનારા ભાવિકોની સુવિધા તેમજ પ્રસાદ સહિતનું આયોજન કરવામાં આવતું હોય છે. આજે એકાદશીના પાવન પ્રસંગે વહેલી સવારથી જ ભાવિકો દર્શનાર્થે ઉમટી પડયા હતા.

# જૂનાગઢમાં લખલાણી પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢમાં લખલાણી પરિવાર દ્વારા સર્વે પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનો કાર્યક્રમ યોજવામાં આવી રહેલ છે. મનસુખલાલ માધવભાઈ લખલાણી, મુકેશભાઈ લખલાણી અને લખલાણી પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું આયોજન વિશ્વેશ્વર મહાદેવની સામે, મોતી પેલેસ ટાઉનશીપ, પેટ્રોલ પંપ પાસે, વંથલી રોડ, મધુરમ, જૂનાગઢ ખાતે આ ધાર્મિકત્સવો ઉજવાઈ રહ્યો છે. કથાનો પ્રારંભ તા.૬-૧૨-૨૦૨૩ના કરવામાં આવ્યો હતો. કથામાં આવતા વિવિધ પ્રસંગોની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. કથાના વ્યાસાસને વકતા સાગરભાઈ શાસ્ત્રી વલસાડવાળા બિરાજી સંગીતમય શૈલીમાં કથામૃતનું રસપાન કરાવી રહ્યા છે. સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ દરમ્યાન કથાનું રસપાન ભાવિકો કરી રહ્યા છે. આગામી તા.૧૨-૧૨-૨૦૨૩ના રોજ કથાની પુર્ણાહુતી યોજાશે. શ્રીમદ ભાગવત સપ્તાહના જ્ઞાન યજ્ઞના કાર્યક્રમને સફળ બનાવવા લખલાણી



પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# માણાવદર તાલુકાના દગડ ગામે છકડો રિક્ષા ઝાડ સાથે અથડાતા ચાલકનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

માણાવદર તાલુકાના દગડ ગામે છકડો રિક્ષા ઝાડ સાથે અથડાતા ચાલકનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે માણાવદર પોલીસે આપેલી વિગત અનુસાર, ભાવેશ માધાભાઈ બોરીચા પોતાના હવાલાની છકડો રિક્ષા જીજે-૦૩-બીટી-૪૯૭૩ લઈને જઈ રહ્યા હતા તે દરમ્યન સ્ટીરીંગ પરનો કાબુ ગુમાવતા છકડો રિક્ષા ઝાડ સાથે અથડાઈ હતી અને આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજા પામેલા ભાવેશભાઈનું મૃત્યું થયું હતું તેમજ રિક્ષામાં બેઠેલા મજુરોને ઈજા પહોંચી છે. આ બનાવ અંગે માણાવદર પોલીસને જાણ થતા પોલીસે બનાવના સ્થળે પહોંચી અને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બેટ-દ્વારકામાં શ્રી રામ અર્ચન-પૂજન મહા યજ્ઞનું ભવ્ય આયોજન

## શ્રી રામ ઝરોખા મંદિર-બેટ ખાતે ૬ ટન પુષ્પોથી મહા યજ્ઞની આહૂતિઓ આપશે

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૯

ગુજરાત ઉપરાંત રાજસ્થાન, હરિયાણા, મહારાષ્ટ્ર, એમપી, યુપી અને દિલ્હી સહિત દેશભરમાંથી સેંકડો ભક્તો આ મહાયજ્ઞમાં ભાગ લેવા પધારશે. કારતક વદ અમાસ ૧૨ ડીસેમ્બરનાં સવારે ૯ વાગ્યે યજ્ઞ પ્રારંભ થશે. યાત્રાધામ બેટ-દ્વારકા ખાતે આવેલ પૌરાણિક રામ ઝરોખા મંદિર આવેલું છે. આ મંદિરનાં સંત મણીરામ બાપુની પુણ્યતિથિ નિમિતે ગત વર્ષથી દર કારતક માસની અમાસે અહિ શ્રીરામ અર્ચન-પૂજનનું ભવ્ય આયોજન થાય છે. રામ ઝરોખા મંદિરે ગત વર્ષ આયોજીત આ યજ્ઞનાં ફોટાઓ અહિ પ્રસ્તુત કરેલ છે. આગામી ૧૨ ડિસેમ્બર અને કારતક અમાસે આ મહાયજ્ઞ થશે. આ મહાયજ્ઞની વિશેષતા એ છે કે અહિં બ્રાહ્મણો અને ભક્તો દ્વારા યજ્ઞ કુંડમાં પુષ્પોથી આહૂતિઓ અપાશે. ૧૨ ડિસેમ્બરે સવારે ૯ વાગે મહાયજ્ઞ પ્રારંભ થશે. બપોરે પધારેલા સૌ કોઈ માટે મહા પ્રસાદ ભંડારાની વ્યવસ્થા કરાયેલી છે. ઉપરોક્ત ભવ્ય, ધાર્મિક અને સંસ્કૃતિનાં જતન માટેનાં આ મહાયજ્ઞમાં સૌ ધાર્મિક જનતાને પધારવા રામ ઝરોખા મહંત શ્રી શ્રી ૧૦૮



ગોપાલદાસજી મહારાજે જાહેર આમંત્રણ આપેલ છે.

# ભારત સરકાર પુરસ્કૃત મોબાઈલ વેટરનરી યુનિટ પ્રથમ ફેઝને પ્રસ્થાન કરવતા જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર

જૂનાગઢ તા.૯

પશુ સારવાર અને પશુ આરોગ્યની કામગીરી માટે માંગરોળ તાલુકાના આરેણા ગામ અને તેની આજુબાજુના ૧૧ જેટલા ગામડાઓને સાંકળીને એક ક્લસ્ટર બેઈઝ પશુ ચિકિત્સા યુનિટ આજે જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુમરે પ્રસ્થાન કરાવ્યું હતું. આ તકે જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખે જણાવ્યું હતું કે માંગરોળ તાલુકાના આરેણા ગામે યુનિટનું મુખ્ય મથક રહે અને આજુબાજુના ગ્રામનાં જેવાં કે શાહપુર, મોટા કોટડા, નાના કોટડા, ઉસેનાબાદ, ખોડાદા, શેપા, શેખપુર, ઢેલાણા, વીરપુર અને સકરાણા ગામોમા રહેતા પશુપાલકોના પશુઓના આરોગ્યની સંભાળ લેશે અને એની ચિકિત્સા માટે સતત કાર્યરત રહેશે. જો કોઈ પશુને ઈમરજન્સી સારવારની જરૂર પડશે તો તેઓ ૧૯૬૨ મા કોલ કરી હતી ઉપરોક્ત ૧૨ ગામોના પશુપાલકોના પશુઓને આકસ્મિક બીમારી સંદર્ભે સારવાર આપવામાં આવશે

પશુ ચિકિત્સા યુનિટ જ્યારે માંગરોળ ખાતે પહોંચ્યું ત્યારે માંગરોળના ધારાસભ્યે આ પશુ સારવાર યુનિટને આરેણા ખાતે જવા રવાના કર્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ ભાવેશભાઈ ડાભી, અગ્રણી પરબતભાઈ મેવાડા, ભગવાનભાઈ મોરી, ગામડાના સરપંચશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢ જિલ્લા પંચાયતના નાયબ પશુપાલન નિયામક ડો.વિરલ આહીર તેમજ ડો. દિલીપ પાનેરાએ કેન્દ્ર પુરસ્કૃત પશુ સારવાર યુનિટ ની ફાળવણી થતાં આરેણા અને આજુબાજુના ૧૧ જેટલા ગામોને પશુ ચિકિત્સા માટે વધુ સારી સાધનિક સુવિધા ઉપલબ્ધ થવાની વાત રજૂ કરી હતી.

# ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા અમદાવાદ અને જામનગર ખાતે કરાયેલી ૩ રેઈડમાં રૂા.૯૩ લાખની કિંમતનો ૧૩,૮૪૯ કિલોગ્રામ શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરાયો

(પ્રતિનિધી દ્વારા)

અમદાવાદ તા.૯

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની જામનગર જિલ્લાની ટીમ તેમજ અમદાવાદ વિભાગ-૨ની ટીમ દ્વારા શંકાસ્પદ ફેક્ટરીમાં તપાસ હાથ ધરાતા ભેળશેળયુક્ત ઘીના ૧૦ નમૂના લેવામાં આવ્યા હતા, તેમજ આશરે રૂ. ૯૩ લાખની કિંમતનો કુલ ૧૩,૮૪૯ કિલોગ્રામ શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે.

કમિશ્નર શ્રી કોશિયાએ વધુ વિગતો આપતા જણાવ્યું હતુ કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની જામનગર ટીમ દ્વારા બાતમીના આધારે જામનગરના એક ખાનગી મકાનમાં રેઈડ કરવામાં આવી હતી. આ ઘરમાં શ્રી ચિરાગભાઈ હરિયાની વગર પરવાને ઘી બનાવી વેચવાનો ગેરકાયદેસર ધંધો કરતા હોવાનું જણાયું હતું. તપાસ દરમિયાન આ ઘરમાં શંકાસ્પદ ઘીનો પેક તથા લુઝમાં જથ્થો મળી આવ્યો હતો.અમદાવાદ ખાતે પણ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમ દ્વારા બે જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા હતા.

આમ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ત્રણ રેડમાં કુલ ૧૦ નમુનાઓ લેવામાં આવ્યા છે. આ તમામ નમૂનાઓ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

# જૂનાગઢમાં ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢના કિરીટનગર, દોલતપરા ખાતે રહેતા રોજમીન એઝાઝભાઈ નાઈ(ઉ.વ.૨૪)એ કોઈપણ અગમ્ય કારણસર પોતાના ઘરે દુપડા વડે પંખા સાથે ગળાફાંસો ખાઈ લેતા તેઓનું મૃત્યું થયું છે. એ ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે અન્ય એક બનાવમાં જૂનાગઢના ચોબારી રોડ ઉપર રહેતા ઉષા ઉર્ફે ઉર્વીશી કેવીનભાઈ સોનીગ્રા (ઉ.વ.૨૨) કોઈપણ અંગત કારણસર પોતાની જાતે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.


# કેશોદ : એસિડ પી જતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

કેશોદના એરપોર્ટ રોડ ઉપર રહેતા મેણંદભાઈ ઉર્ફે ભૂપતભાઈ ઓઘાભાઈ વાળા(ઉ.વ.૫૪)એ જીંદગીથી કંટાળી જઈ પોતાની રીતે એસિડ પી જતા તેનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે.


# કારતક માસ એકાદશી- શનિવાર નિમિતે શ્રી કષ્ટભંજનદેવ દાદાને જામફળનો અન્નકૂટ ધરાવાયો



સાળંગપુર તા.૯

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી કારતક માસ એકાદશી- શનિવાર નિમિતે શ્રીકષ્ટભંજનદેવ દાદાને જામફળનો અન્નકૂટ ધરાવાયો. સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી એવં સવારે ૦૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી .હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ..

# ખંભાળિયામાં સોનગરા પરિવાર દ્વારા કુળદેવી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૯

ખંભાળિયાના જાણીતા સતવારા વેપારી અગ્રણી સ્વ. દેવજીભાઈ ઝીણાભાઈ તથા સ્વ. જુઠાભાઈ ઝીણાભાઈ સોનગરા પરિવાર દ્વારા અત્રે નવનિર્મિત કુળદેવી શ્રી ખોડીયાર માતાજીના મંદિરનો ત્રિદિવસીય સ્થાપના મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં પ્રાણ પ્રતિષ્ઠા, મૂર્તિ સ્થાપન વિગેરે વિધી મુંબઈ નિવાસી સી.એ. જીગીસ સોનગરા દંપતી દ્વારા કરવામાં આવી હતી.

આ ધર્મમય આયોજનમાં લંડનથી જગદીશભાઈ તથા જયેશભાઈ સોનગરા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાત્રે શ્રીનાથજીની ઝાંખીનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**ભાડેથી દુકાન આપવાની છે**
સારથી કોમ્પ્લેક્ષ, દુકાન નં.૮, ગ્રાઉન્ડ ફલોર, માંગનાથ રોડમાં દુકાન ભાડે આપવાની છે. વહેલા તે પહેલાનાં ધોરણે
સંપર્ક : ૯૮૨૪૩ ૮૩૭૨૮

**4 BHK ફલેટ વેંચવાનો છે**
આલીશાન એપાર્ટમેન્ટમાં બ્લોક નં.૧૦૧ વેંચવાનો છે. c.c.t.v., બે બોર, સિકયુરીટી, એસ.ટી.બસ સ્ટેશન પાછળ, નહેરૂ પાર્ક, જૂનાગઢ.
મો.૯૪૨૬૯ ૯૫૦૬૬

**ફલેટ વેચવાનો છે**
જૂનાગઢમાં ભરચક વીસ્તાર એવા નાગર રોડ ટચ 2 BHK ફલેટ વેચવાનો છે
સંપર્ક : ૯૦૩૩૪ ૧૩૭૯૯


**મોબાઈલ... મોબાઈલ..**
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે
**શ્રી જલારામ ટેલીકોમ**
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

**ભેળસેળ સાબીત કરનારને ઈનામ રૂા. ૧ લાખ**
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહીં, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
**શ્રી ચંદ્ર ડેરી ફાર્મ**
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પલેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

પાર્સલ સેવા આપવામાં આવશે
**રાજ ડાયનીંગ હોલ**
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
**રાજ ડાયનીંગ હોલ**
કાળવા ચોક, જૂનાગઢ.

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**સ્વાદનો ચટકો !**
અમારે ત્યાંથી
- પાણીપુરી
- મસાલાપુરી
- દહીપુરી
- સેવપુરી
- ભેળ
- દાબેલી
- દિલ્હી ચાટ
- લસણીયા બટેટા
- સમોસા રગડો
- રગડા પેટીસ
- બાસ્કેટ ચાટ

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
**જલારામ પાણીપુરી**
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

**આઈસ્ક્રીમ**
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
તહેવારો સબબ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
**વિજય ઘી ડીપો**
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**માણસો જોઈએ છે**
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

# વંથલી ઓઝત નદી ડેમમાંથી પાણી છોડવાનો મુદ્દો ગરમાયો

# ધારાસભ્ય સહિત કોંગ્રેસી આગેવાનો ડેમ ઉપર ઉમટી પડી કર્યો વિરોધ

## કોંગ્રેસી ધારાસભ્ય નાં વિરોધના પગલે પાણી છોડવા આવેલા અધિકારીઓને ખાલી હાથે પરત ફરવું પડ્યું : વંથલી પંથક માટે ડેમનું પાણી અનામત રાખવા કોંગ્રેસની માંગ





(પ્રતિનિધિ દ્વારા)

વંથલી, તા.૯

વંથલી નજીક આવેલ ઓઝત વિયર ડેમમાંથી ઘેડ પંથકના ખેડૂતો માટે સિંચાઈ હેતુ પાણી છોડવાની રજૂઆતના પગલે સરકારમાંથી મંજૂરી આવી જતા જૂનાગઢ સિચાઈ વિભાગના અધિકારીઓ વંથલી ડેમ માંથી પાણી છોડવા પહોંચ્યા હતા પરંતુ તે અંગે ની જાણ વંથલી કોંગ્રેસ ને થતા ધારાસભ્ય અરવિંદ લાડાણીના નેતૃત્વમાં ડેમ સાઈડ ઉપર પહોંચી ડેમનું પાણી વંથલીના નગરજનો અને સોરઠ પંથકના ખેડૂતો માટે અનામત રાખવાની માંગ સાથે આક્રમક રજૂઆતો કરી હતી જે અન્વયે સિંચાઈ વિભાગના અધિકારીઓએ પાણી ન છોડવાની વાત સ્વીકારી પાણી છોડ્યા વગર જ વિલા મોઢે પરત ફર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છેકે જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિએ કલેકટર જૂનાગઢને રજૂઆત કરી જણાવ્યું હતું કે, ખનિજ માફિયાઓને રેતી ખનન કરવામાં સરળતા રહે તે માટે પાણી છોડવાની સાજિશ રચવામાં આવી હતી. હાલ ડેમમાં રહેલ પાણીનો પ્રવાહ છોડવામાં આવે તો ૪૦ કિલોમીટરનાં અંતરે આ પાણી પહોંચી સકે નહિ અને આ પાણી રેલાયને વેડફાઈ જાય તેમ જણાવી પાણી ન છોડવાની પણ માંગ કરી હતી. જ્યારે વંથલી શહેર કોંગ્રેસ પ્રમુખ ઈરફાન શાહ એ ઓઝત નદીમાંથી પાણી વંથલી શહેરને પીવાનું વિતરણ થતું હોય અન્ય કોઈ વિકલ્પ ન હોય ઓઝત ડેમનું પાણી વંથલીનાં નગરજનો માટે અનામત રાખવાની માંગ કરી જણાવ્યું હતું કે, જો પાણી છોડવામાં આવશે તો ઉનાળા દરમ્યાન પાણીની કટોકટી સર્જાય તેવી સ્થિતિ હોય પાણી નહીં છોડવા આક્રમક રજુઆત કરી હતી. ઓઝત નદી ડેમ ઉપર વંથલી માણાવદરનાં ધારાસભ્ય અરવિંદ લાડાણી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરત અમિપરા, શહેર કોંગ્રેસ પ્રમુખ ઈરફાન શાહ, તાલુકા પ્રમુખ મનસુખ પાડલીયા, સિરાજ વાજા, અદનાન ડામર સહિત અનેક કોંગ્રેસી આગેવાનો અને વંથલી નાં નગરજનો ઉપસ્થિત રહી ઓઝત ડેમ માથી પાણીનાં પ્રવાહ ને છોડવાની સાજિશનો જબ્બર વિરોધ વ્યકત કરી પાણી ન છોડવાની માંગ કરી હતી.

# રાજ્યવ્યાપી સૂર્ય નમસ્કાર મહાઅભિયાન અંતર્ગત

# જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સૂર્ય નમસ્કાર સ્પર્ધાની પૂર્વ તૈયારીઓ શરૂ : ગ્રામ્ય કક્ષાએ ૧૯મી ડિસેમ્બરે યોજાશે સ્પર્ધા

## ૧૫મી ડિસેમ્બર સુધી https://snc.gsyb.in ઉપર રજીસ્ટ્રેશન કરી શકાશે : જીલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થનારને રૂા.૨૧૦૦૦નું ઈનામઃ રાજ્યકક્ષાએ રૂા.૨.૫૦ લાખ

જૂનાગઢ, તા.૯

સૂર્યનમસ્કાર સ્પર્ધા ૨૦૨૩-૨૪ની પૂર્વ તૈયારીઓ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. આ સંદર્ભે કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સંબંધિત અધિકારીઓ સાથે એક બેઠક યોજવામાં આવી હતી. કલેકટરે સૂર્ય નમસ્કાર સ્પર્ધાની નિર્દેશિત રૂપરેખાઓ મુજબ આયોજન ઘડી કાઢવા અને સંબંધિત અધિકારી કર્મચારીઓને ફરજ સોપવા માટે માર્ગદર્શન આપ્યું હતું. આ સ્પર્ધામાં મહત્તમ જનભાગીદારી નોંધાય તે માટે પણ જરૂરી સૂચનાઓ આપી હતી. આ સ્પર્ધા ગ્રામ્ય કક્ષાથી માંડીને રાજ્યકક્ષા સુધીની યોજાશે. જેમાં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતાને રૂા.૨૧૦૦૦ અને રાજ્યકક્ષાએ પ્રથમ વિજેતા બનનારને રૂા.૨.૫૦ લાખનો પુરસ્કાર આપવામાં આવશે ઉપરાંત દ્વિતીય અને તૃતીય કક્ષાએ વિજેતા થનારને પણ પુરસ્કૃત કરવામાં આવશે. આ સૂર્ય નમસ્કાર સ્પર્ધા ગ્રામ્ય અને વોર્ડ કક્ષાએ ૧૯મી ડિસેમ્બરે, તાલુકા/નગરપાલિકા અને મહાનગરપાલિકા ઝોન કક્ષાએ ૨૩મી ડિસેમ્બરના, જિલ્લા-મનપા કક્ષાએ ૨૬ ડિસેમ્બરના અને રાજ્યકક્ષાએ ૩૦મી ડિસેમ્બરના રોજ યોજાશે. સ્પર્ધકો ૯ થી ૧૮, ૧૯ થી ૪૦ અને ૪૧ વર્ષથી વધુ વયના લોકો આ સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં ભાગ લઈ શકશે. આમ, ત્રણ વયજૂથ કેટેગરીમાં યોજાનાર આ સ્પર્ધામાં ભાગ લેવા માટે https://snc.gsyb.in ઉપર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુકો ૧૫મી ડિસેમ્બર સુધી રજીસ્ટ્રેશન કરાવી શકશે. ગ્રામ્ય કક્ષાએ અને વોર્ડ વાર સ્પર્ધા ૧૦ મિનિટમાં ૧૧ સૂર્ય નમસ્કાર કરવાના રહેશે. ત્યાર પછી તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાની સ્પર્ધાઓમાં માપદંડ મુજબ વધુ સૂર્ય નમસ્કાર કરવાના રહેશે. સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં વિજેતા બનવા માટે ઓછા સમયમાં વધુ સૂર્ય નમસ્કાર કરવા, યોગ્ય મુદ્રાઓમાં સૂર્ય નમસ્કાર કરવા સહિતના માપદંડ રહેશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, જિલ્લા રમત વિકાસ અધિકારી ગૌરાંગ નરે, જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા સહિતના અધિકારી અને વિડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી અને તાલુકા વિકાસ અધિકારી જોડાયા હતા.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાથી કેશોદ તાલુકાના કેવદ્રા ગ્રામજનોએ મેળવી યોજનાકીય જાણકારી

## ખેડૂતોએ ખેતીમાં ડ્રોનની પ્રવાહી ખાતર અને જંતુનાશક દવાનાં છંટકાવથી થતાં જાણ્યા ફાયદા





જૂનાગઢ, તા.૯

કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી યોજનાઓની જાણકારી આપવા અને યોજનાઓનાં લાભથી વંચિત લાભાર્થીઓને યોજનાનાં લાભો પહોંચાડવાના ઉદ્દેશ્યથી શરૂ થયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કેશોદ તાલુકાનાં કેવદ્રા ગામે આવી પહોંચતા ગ્રામજનોએ પરંપરાગત રસમ કુમકુમ તીલકથી રથ અને અધિકારીઓને આવકાર્યા હતા.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા દેશના દરેક જિલ્લા અને દરેક ગ્રામપંચાયતો સુધી ગામડે ગામડે પ્રવાસ કરી લોકોને સરકારી યોજનાઓથી વાકેફ કરી રહી છે ત્યારે કેશોદ તાલુકાના કેવદ્રા ગામે આ યાત્રા આવી પહોંચતા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ખાસ કરીને ખેડૂતોને દવા છંટકાવ માટે ડ્રોન પ્રદર્શન, આરોગ્ય કેમ્પ, પશુ ધિરાણ માટેની વિવિધ યોજનાઓની માહીતી તેમજ અલગ અલગ ખાતાના અધિકારીઓ દ્વારા સરકારી યોજનાઓ વિશે લોકોને માહિતી આપી હતી. આ તકે નોડલ અધિકારી પી. જે. પંડયા, પ્રશાંતભાઇ વડાલીયા, શીતલબેન વાછાણી, જુનાગઢ વાસ્મો અધિકારી નિકીતાબેન કણસાગરા, કેવદ્રા તલાટી કમ મંત્રી મયંકભાઇ કનેરિયા હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પે. સેન્ટર શાળાના આચાર્ય નરેશ ચુડાસમા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન રાકેશ સાપોવાડીયા કર્યુ હતુ. કેવદ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ચિકીત્સા શિબીરનાં માધ્યમથી ગ્રામજનોની આરોગ્ય તપાસણી કરી જરુરત મુજબ ઔષધી આપી હતી.મેરી કહાની મેરી જુબાની અંતર્ગત કલ્યાણકારી યોજનાનાં લાભ મેળવેલ લાભાર્થીઓએ પોતાનાં પ્રતીભાવ વ્યક્ત કર્યા હતા. ગ્રામજનોએ ભારત સરકાર દ્વારા અમલી લોકકલ્યાણની યોજનાઓ અંગે ફિલ્મ દ્વારા જાણકારી આપી હતી. વિવિધ યોજનાનાં લાભાર્થીઓને લાભો વિતરીત કરાયા હતા. શ્રેષ્ઠ કાર્યપ્રદાન કરનાર કર્મયોગીઓ અને સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલ સજ્જનોનાં બહુમાન કરવામાં આવ્યા હતા.

# ભાવનગરની મહારાજા કૃષ્ણકુમાંરસિંહજી યુનિવર્સીટીની ૬૧ બહેનોએ સાહસિક ખડક ચઢાણની દસ દિવસની શિબિર પૂર્ણ કરી





જૂનાગઢ, તા.૯

રાજય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર ઉપક્રમે અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ આયોજીત મહારાજા કૃષ્ણકુમાંરસિંહજી યુનિવર્સીટી ભાવનગર પ્રાયોજીત બહેનો માટે ખડક ચઢાણ બેઝિક કોર્સ તા. ૨૮/૧૧/૨૦૨૩ થી તા. ૦૭/૧૨/૨૦૨૩ દરમ્યાન જૂનાગઢ ખાતે યોજાયો હતો. જેમાં મહારાજા કૃષ્ણકુમાંરસિંહજી યુનિવર્સીટી ની ૫૯ બહેનો તથા ૨ જીલ્લાની ૦૨ બહેનો સહીત કુલ ૬૧ જેટલી બહેનો એ તાલીમ લીધી હતી. શિબિરના છેલ્લા દિવસના પૂર્ણાહુતી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ દીપક જાની ચીફ ફાયર ઓફિસર જૂનાગઢ મહાનગરપાલિકા, કે.પી. રાજપુત પૂર્વ આચાર્ય સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા મા. આબુ, હારૂન વિહળ આચાર્ય વાલી-એ- સોરઠ હાઈસ્કુલ, ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડ ના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી તાલીમાર્થીઓ ને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત તથા શિબિર અંગેની માહિતી માનદ ઈન્સ્ટ્રક્ટર અમી પટેલ એ આપી હતી. કાર્યક્રમનું સંચાલન બારૈયા ભૂમિકા અને મેર ઉર્મિલા એ કર્યુ. શિબિરાર્થીઓ બારૈયા નેહલ, જાદવ દિવ્યા અને ઝીનઝાળા સાવિત્રી દ્વારા કેમ્પના અનુભવો વિષે તેમના અભિપ્રાય વ્યકત કર્યા હતા. આભાર વિધિ માનદ ઈન્સ્ટ્રક્ટર મીલાપ સોની એ કરી હતી. આ શિબિરમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટી ના કુલપતિ ડૉ. એમ એમ ત્રિવેદી તથા શારીરિક શિક્ષણ નિયામક દિલીપ સિંહના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. આ ખડક ચઢાણ શિબિર દરમ્યાન બોરદેવીના લીલી પરિક્રમાના રૂટ ઉપર તાલીમાર્થી બહેનો દ્વારા સાફ -સફાઈ કરેલ હતી. આ ખડક ચઢાણ બેઝિક કોર્સમાં મીલાપ સોની વડોદરા, યશ નારિયા સુરત, અમી પટેલ અમદાવાદ, પ્રિયા સોલંકી રાજકોટ, પ્રિયા મ્યાત્રા માણાવદર, ગોપી પટેલ આણંદ, રીક્લ વઘાસીયા ભાવનગર માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતી.

# Sunfeast YiPPee ! પોતાના મસાલા નૂડલ્સ પોર્ટફોલિયોને વિસ્તારે છે, રજૂ કરે છે નવું વૈવિધ્ય – WOW મસાલા

## નવું વૈવિધ્ય માત્ર રૂા.૧૦ની (૫૦ ગ્રા.) આકર્ષક કિંમતે મસાલેદાર ફ્લેવરનું વચન આપે છે




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૯

ITCની અગ્રણી ઈન્સ્ટન્ટ નૂડલ્સ અને પાસ્તા બ્રાન્ડ Sunfeast YiPPee! એ એક નવું વૈવિધ્ય રજૂ કર્યું છે - YiPPee! WOW મસાલા નૂડલ્સ. આ નવી રજૂઆત સાથે તેમણે પોતાની ઉત્પાદન શ્રેણીને વિસ્તારી છે. આ નવી સ્વાદિષ્ટ ભેટ ગ્રાહકોની સ્વાદેન્દ્રિયો માટે મસાલાની ફ્લેવરનો પંચ લાવવાનું વચન આપે છે, એ પણ પૅક દીઠ માત્ર રૂા. ૧૦માં (૫૦ ગ્રા.). YiPPee!ને એ વાત સમજાઈ કે ગ્રાહકો સગવડભરી કિમતે સારી ગુણવત્તાના મસાલેદાર નૂડલ્સની શોધમાં છે. દેશભરમાં સૌથી લોકપ્રિય નૂડલ્સ બ્રાન્ડ્સમાંથી એક હોવાથી, લોકોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે YiPPee! WOWમસાલા બનાવ્યું છે. આ નવી ભેટ - YiPPee! WOW મસાલા પેક દીઠ રૂા.૧૦ના (૫૦ ગ્રા.) સ્પર્ધાત્મક દરે મસાલેદાર અને સ્વાદિષ્ટ હોવાનું વચન આપે છે. આ લૉન્ચ વિશે વાત કરતા ITC Foodsના વીપી અને હેડ ઓફ માર્કેટિંગ, સ્નેક્સ, નૂડલ્સ એન્ડ પાસ્તા સુરેશ ચંદ જણાવે છે કે, "અમારી અગ્રણી મસાલા મેજિક વેરિઅન્ટ લોન્ચથી જ અમારૂં ચાવીરૂપ વૃદ્ધિ વાહક તરીકે આગળ રહ્યું છે. જો કે, YiPPee! WOW મસાલા સાથે અમે ગ્રાહકોને ઈન્સ્ટન્ટ નૂડલ્સની અલગ પ્રકારની અને સ્વાદિષ્ટ ફ્લેવરથી સંતુષ્ટ કરવા માગીએ છીએ. અમને આત્મવિશ્વાસ છે કે આ મસાલેદાર નૂડલ્સની ગ્રાહકો સરાહના કરશે તથા તેનો આનંદ લેશે. "

YiPPee! WOW મસાલા ભારતના અનેક બજારોમાં ઉપલબ્ધ છે, જેમાં મહારાષ્ટ્ર, દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, કર્ણાટક, આસામ, ગુજરાત, મધ્ય પ્રદેશ, બિહાર, ઝારખંડ અને છત્તીસગઢના રિટેલ સ્ટોર્સનો સમાવેશ થાય છે અને ટૂંક સમયમાં જ તે ઈ-કોમર્સ અને ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ્સ ઉપર પણ ઉપલબ્ધ થશે.

# માંગરોળ તાલુકાના કાલેજ ગામે પ્રાકૃતિક ખેતી અંગે સેમીનાર યોજાયો



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ, તા.૯

માંગરોળ તાલુકાના કાલેજ ગામે એચડીએફસી બેન્ક, અમ્બુજા સિમેન્ટ ક્લાયમેન્ટ સ્માર્ટ એગ્રીકલ્ચર પ્રોજેકટ માંગરોળના એફએફ, જયદીપ વાજા Atma project તેમજ FMT મોહનભાઈ પંડિત દ્વારા રાસાયણિક ખાતરો જંતુનાશક દવાઓના કારણે કેન્સર જેવા રોગો વધી રહ્યા છે ખેતી બંજર થતી જઈ રહી છે પર્યાવરણ ખરાબ થઈ રહ્યું છે તે માટે પ્રાકૃતિક કૃષિ અપનાવી ખુબજ જરૂરી છે તે માટે ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ ખુબજ જરૂરી છે તેમ જણાવેલ છે. એચડીએફસી બેન્ક ક્લાયમેન્ટ સ્માર્ટ એગ્રીકલ્ચર પ્રોજેકટ દ્વારા લાભ આપવામાં આવેલ અળસીયા ખાતર બનાવવા માટે વર્મી બેડ ટ્રીપ એરિકસન તેમજ જૈવિક ઈનપુટ ભૂંડ રોજની સુરક્ષા માટે ઝટકા મશીન તેમજ Gopa agency organic certificate ઘણા લાભ આપવામાં આવ્યા હતા.

# ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાની ઉપસ્થિતિમાં અકાળા ગીર ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા સંપન્ન



જૂનાગઢ, તા.૯

જૂનાગઢ જિલ્લાના માળીયાહાટીના તાલુકાના અકાળા (ગીર) ગામે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા ની પ્રેરક ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાય હતી.

ધારાસભ્યે આ પ્રસંગે ગ્રામજનોને કેન્દ્ર અને રાજય સરકાર જનકલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. સાથે જ પીએમજેએવાય કાર્ડ,સોઈલ હેલ્થ કાર્ડ સહિતની યોજનાઓના લાભાર્થીઓને સહાય કીટ વિતરણ કરી હતી. આ પ્રસંગે લોકોને પ્રાકૃતિક કૃષિ અંગે પણ જાગૃત કરાયા હતા. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોએ રથના માધ્યમથી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મ નીહાળી હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના કાર્યક્રમમાં લાભાર્થીઓ દ્વારા મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત સાફલ્ય ગાથા વર્ણવી ઉપસ્થિત અન્ય ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓના લાભો લેવા પ્રેરિત કર્યા હતા.ગ્રામજનોએ પ્રધાનમંત્રીનો વિકસિત ભારત સંકલ્પ સંદેશ સાંભળવાની સાથે વિકાસલક્ષી ટુંકી ફિલ્મ નિહાળી હતી. કાર્યક્રમ દરમ્યાન વિવિધ વિભાગના અધિકારીઓ દ્વારા હરઘર જલ યોજના, આઈસીડીસએસ દ્વારા કાર્યરત વિવિધ યોજનાઓ, આરોગ્યને લગતી વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે સરપંચ,ગામના તલાટી-કમ-મંત્રીશ્રી,અન્ય વિભાગના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# UNM ફાઉન્ડેશન દ્વારા આયોજીત અભિવ્યક્તિની ૫મી આવૃત્તિ અભિવ્યક્તના મંચ ઉપર વિવિધ કલા સ્થાપનો દ્વારા સમાજ, પર્યાવરણ અને સંસ્કૃતિની વાર્તાઓ રજુ કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૮

ટોરેન્ટ ગ્રૂપના UNM ફાઉન્ડેશન દ્વારા આયોજીત અભિવ્યક્તિ - ધ સિટી આર્ટસ પ્રોજેકટની ૫મી આવૃત્તિમાં શુક્રવારે કલા સ્થાપનોએ સમાજ, પર્યાવરણ, પ્રકૃતિ, વૈદિક ભૌમિતિક રચનાઓ અંગે વાર્તાઓ રજુ કરી. પ્રતિષ્ઠિત કલાકાર મહેશ મહેર સમાજ, પર્યાવરણ, સંસ્કૃતિ અને બાળપણની યાદોમાંથી પ્રેરણા લઈને પોતાની કૃતિઓમાં તૈયાર કરે છે.

અભિવ્યક્તિના મંચ ઉપર તેમનું આર્ટ ઈન્સ્ટોલેશન વર્લ્ડ વિધિન વર્લ્ડ એક વ્યાપક સાંસ્કૃતિક સંદર્ભો સાથે ગાઢ યાદોના સંગમ સાથે આકર્ષક કથાનું સર્જન કરે છે. ઓડિશામાં પોતાના બાળપણના અનુભવો, કે જ્યાં તેમણે ગામની ગલીઓમાં ટાયર ફેરવ્યા હતા, તે યાદોના આધારે તેમણે પોતાનું આર્ટ ઈન્સ્ટોલેશન બનાવ્યુ છે, તેઓ ગોળાકાર આકૃતિઓની અંદર પરસ્પર જોડાયેલ વિશ્વોનું ચિત્રણ કરે છે, તેઓ દર્શકોને પોતાના બાળપણની પરિક્રમાના લેન્સના માધ્યમથી બ્રહ્માંડની એવી નિરંતરતાની શોધ કરવા આમંત્રીત કરે છે, જે આપણા જીવનના એકબીજા સાથે જોડાયેલ આંતરસબંધોને ઉજાગર કરે છે. અમદાવાદ સ્થિત નિધિ સભાયા સિરામિક્સમાં નિપૂર્ણતા ધરાવતી એક પ્રખર કલાકાર છે. તે પ્રકૃતિના જટિલ આકારો અને જૈવિક સ્વરૂપોમાંથી પ્રેરણા લઈને પોતાના શિલ્પ તૈયાર કરે છે. અભિવ્યક્તિના મંચ ઉપર પોતાના આર્ટ ઈન્સ્ટોલેશન ઈનસાઈડ સ્ટોરીમાં નિધિ સભાયાએ પ્રાકૃતિક દુનિયાથી પ્રેરિત લઘુત્તમ સ્વરૂપો અને સુંદરતાને આવરી લીધી છે. આ શિલ્પનું આકર્ષણ તેની ઝીણી ઝીણી વિગતોમાં રહેલું છે, જેને નિધિએ કુશળતાપૂર્વક પોતાના શિલ્પમાં ઉતારી છે. લીટીઓ, ટેક્સચર, આકારો, ટોન અને અનેક પડ દ્વારા તે જૈવિક સ્વરૂપોના સારને રજુ કરે છે. તેનું આ શિલ્પ પ્રકૃતિની જટિલતાના સાર સ્વરૂપ છે, તેની પ્રકૃતિની સુક્ષ્મતાને સાહજિક રીતે અભિવ્યકત કરીને પોતાની ઉત્તમ અનન્ય કલા શક્તિને પ્રદર્શીત કરી છે. વિવેક અગ્રાવતની કલાત્મક યાત્રા ભારતીય વૈદિક ભૂમિતિના વિવિધ પરિમાણો ઉપર આધારીત છે. અભિવ્યકિતના મંચ ઉપર પોતાના આર્ટ ઈન્સ્ટોલેશન સ્થાપનાના માધ્યમથી વિવેક અગ્રાવત મૂળભૂત ભૌમિતિક રચનાઓને સભાનપણે અને અર્ધજાગૃતપણે સમજવાની પોતાની ગહન શક્તિ ઉપર પ્રકાશ નાંખે છે, પોતાના કલાત્મક પ્રયત્નોના દ્વારા તેઓ કુશળતાપૂર્વક સમકાલીન વિજ્ઞાન અને દ્રશ્ય કલાના ક્ષેત્રોને પ્રાચીન રીતિ-રિવાજો અને ધાર્મિક વિધિઓના જ્ઞાન સાથે જોડે છે. તેમનું શિલ્પ એ વાત ઉપર ભાર મુકે છે કે આપણી સંસ્કૃતિના મુળીયા હજારો વર્ષો સુધી ફેલાયેલા છે, સાથે જ તેઓ સાથે આપણા વારસાની આધુનિક ભાવનાને પણ ઉજાગર કરે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ભારત હવે પ્રગતિનાં પંથે

ભારત હવે પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે, ત્યારે લોક કલ્યાણની યોજનાઓ જ નહીં, પરંતુ તેના મૂડીવાદી સ્વરૂપનો પણ વિસ્તાર થઈ રહ્યો છે. કેન્દ્રીય મંત્રીમંડળે વડાપ્રધાન ગરીબ કલ્યાણ અન્ન યોજનાને ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી પાંચ વર્ષ સુધી વધારવાની જાહેરાત કરી દીધી, ત્યાં જ ભારતના મુખ્ય શેરબજારનો પૂંજી આકાર ચાર ટ્રિલિયન ડોલરના આંકડાને પાર કરી ગયો. પહેલાં વાત કરીએ વડાપ્રધાન ગરીબ કલ્યાણ અન્ન યોજનાની, આ યોજના પર સરકાર આગામી પાંચ વર્ષોમાં કુલ ૧૧.૮૦ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરશે. ચિહ્નિત પરિવારોને મફત અનાજ મળતું રહેશે. વાસ્તવમાં, આ મફત અનાજ યોજનાના ટીકાકાર પણ ઘણા છે, જે નથી ઈચ્છતા કે આ યોજના ચાલે, પરંતુ સ્વાભાવિક રૂપે આવી લોકરંજક યોજનાને શરૂ કર્યા બાદ બંધ કરવી આસાન નથી. એક મોટી આબાદી એવી છે જેને આ યોજનાથી લાભ થયો છે અને તેને ચાલુ રાખવામાં સરકારને પણ કોઈ ખાસ વાંધો નથી આવતો, એટલે આગામી પાંચ વર્ષ માટે આ યોજનાને ભારતીય લોકકલ્યાણ યોજનાઓમાં પ્રમુખતાથી સામેલ માનવામાં કોઈ વાંધો નથી. જોકે તેના લાભાર્થીઓના દાયરાને ક્રમશઃ ઘટાડવો જોઈએ. ધ્યાન રહે, જ્યારે આપણે આ યોજનાનો પ્રચાર કરીએ છીએ, ત્યારે એ પણ જણાવીએ છીએ કે ૮૧ કરોડ લોકો તેનો લાભ લે છે, તેનાથી દુનિયામાં એ ધ્વનિ જાય છે કે ભારતના મોટાભાગના લોકો ગરીબ છે અને તેમને મફત અનાજની જરૂર છે. જો સરકાર જરૂરિયાતમંદ લોકોને જ આ લાભ આપે અને અનાજનો તેમનો હિસ્સો વધારી દે તો આ યોજના વધુ કારગત કહેવાશે. કોઈ યોજનાને ચાલુ રાખવી સારી વાત છે, પરંતુ સમય સાથે તેના લક્ષ્યને પણ વધારે નિર્દિષ્ટ કરતા જવું જોઈએ, જેથી એ આભાસ સતત થાય કે ભારતમાં મફત અનાજ મેળવનારાની સંખ્યા ઘટી રહી છે. ધ્યાન રાખવું જોઈએ કે આ યોજના ૨૦૨૦માં કોરોના મહામારી દરમ્યાન રાહત ઉપાય રૂપે શરૂ કરવામાં આવી હતી અને હવે તે મહામારી વીતી ગઈ છે.

કેન્દ્રીય મંત્રીમંડળનો બીજો પણ એક નિર્ણય ધ્યાન ખેંચે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળે ૨૪,૧૦૪ કરોડ રૂપિયાના કુલ ખર્ચની સાથે વડાપ્રધાન જનજાતીય આદિવાસી ન્યાય મહાઅભિયાન (પીએમ જનમન)ને મંજૂરી આપી છે. આ યોજનાથી દેશમાં લગભગ ૧૧ કરોડની આબાદીવાળા જનજાતીય સમૂહોના વિકાસને બહુ બળ મળશે. હવે વાત દેશને મળી રહેલ પૂંજીગત મજબૂતીની. દેશના મુખ્ય શેરબજાર બીએસઈમાં લીસ્ટેડ તમામ કંપનીઓનું સંયુક્ત બજાર મૂલ્ય બુધવારે પહેલી વાર ચાર ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયું. જો ભારતીય મુદ્રામાં વાત કરીએ તો તે ૩,૩૩૩ ખર્વ રૂપિયા જેટલું થઈ ગયું છે. વિદેશી રોકાણકારોની સાથે જ દેશી રોકાણકારોનો પણ વિશ્વાસ જીતતાં આપણે આગળ વધી રહ્યા છીએ. ઉલ્લેખનીય છે ચાર ટ્રિલિયન અમેરિકી ડોલરથી વધુ બજારમૂડીવાળા શેરબજાર દુનિયામાં ચાર જ છે. અમેરિકા, ચીન, જાપાન અને હોંગકોંગ અને હવે ભારત પણ મૂલ્યવાન દેશોમાં સામેલ થઈ ગયું છે.

### વાવાઝોડાની અસર : ચેન્નાઈમાં કોમ્પ્યુટર સિસ્ટમ બંધ થતા

# ગુજરાત સહિત દેશની તમામ પોસ્ટ ઓફિસમાં કામગીરી ઠપ્પ

વડોદરા, તા.૯

વાવાઝોડા ઈફેક્ટથી કેન્દ્ર સરકાર હસ્તકની દેશની તમામ પોસ્ટ ઓફિસોમાં કોમ્પ્યુટર સિસ્ટમો ઠપ થઈ જતાં ગ્રાહકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. તાજેતરમાં આવેલા વાવાઝોડાએ તમિલનાડુમાં ભારે નુકસાન કર્યું હતું. ચેન્નઈમાં થયેલી ભારે અસર અને ઝંઝાવાતી વાવાઝોડા સહિત ભારે વરસાદના કારણે કેન્દ્ર સરકારના પોસ્ટ ઓફિસ વિભાગના કોમ્પ્યુટરની મુખ્ય સિસ્ટમ ચેન્નઈ ખાતે છે. જે ઠપ્પ થઈ હતી. પરિણામે વડોદરા જીપીઓ સહીત દેશભરની તમામ પોસ્ટ ઓફિસોના કોમ્પ્યુટર ઠપ્પ થવાના કારણે વડોદરાની જીપીઓ સહિત સબપોસ્ટ ઓફિસોના ખાતાધારકોના ૧૫૦ જેટલા ચેકનું ક્લિયરિંગ અટક્યું હતું. પરંતુ આ તમામ પોસ્ટ ખાતાના રિટર્ન થયેલા ચેક અંગે પોસ્ટ ઓફિસના ગ્રાહકોના ખાતામાંથી પ્રતિ ચેક રિટર્ન પેટે દેશભરના ખાતા ધારકોના લાખો રૂપિયા કપાઈ ગયા હોવાની બાબતે ભોગ બનનાર પોસ્ટના ગ્રાહકોમાં કચવાટ ફેલાયો છે. જો કે પ્રતિ ચેક રીટન અંગેનો ચાર્જ રૂપિયા ૧૪૦ છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં તમિલનાડુ ખાતે મીચોંગ વાવાઝોડાએ ભારે તબાહી સર્જી હતી. પરિણામે દેશભરની પોસ્ટ ઓફિસોના કોમ્પ્યુટર ઠપ્પ થયા હતા. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર હસ્તકની તમામ એક લાખથી વધુ પોસ્ટ પોસ્ટ ઓફિસોના કોમ્પ્યુટરોનું સંચાલન ચેન્નઈ ખાતેના મુખ્ય સર્વર દ્વારા થાય છે. જો ચેન્નઈ ખાતેના સર્વરમાં કાંઈ ખામી સર્જાય તો દેશભરની તમામ પોસ્ટ ઓફિસોના કોમ્પ્યુટર થઈ જાય છે.ભારે વરસાદ અને તોફાની પવનના કારણે ચેન્નઈ ખાતે કેન્દ્ર સરકારના પોસ્ટ ઓફિસનું આવેલું સર્વર તાજેતરમાં એકાએક ડાઉન થઈ ગયું હતું. પરિણામે દેશભરની પોસ્ટ ઓફિસોના કોમ્પ્યુટરો ઠપ્પ થતા પોસ્ટ ઓફિસોની કામગીરી ખોરવાઈ હતી. જેના લીધે પોસ્ટ ઓફિસોના તમામ કર્મચારીઓને માથે હાથ દઈને બેસી રહેવું પડ્યું હતું અને પોસ્ટ ઓફિસોમાં આવતા ગ્રાહકોને વિલા મોઢે જે તે દિવસે પરત જવાનો વારો આવ્યો હતો. જોકે પોસ્ટ ખાતામાં સેવિંગ ખાતા વિવિધ સ્કીમના ખાતા ધરાવનારા પાસે પોસ્ટ ઓફિસના ખાતાની ચેકબુક પણ હોય છે. આવા ખાતાધારકોના અન્ય ખાતા જુદી જુદી સહકારી અને નેશનલાઈઝડ બેંકમાં પણ ખાતું હોય છે અને એ ખાતાની ચેકબુક પણ તેમની પાસે હોય છે. આવા ખાતાધારકો પોતાની જરૂરિયાત મુજબ ચેકથી એક બીજી જગ્યાએ નાણા ટ્રાન્સફર કરતા હોય છે. આવા ખાતાધારકોએ પોસ્ટ ઓફિસના ખાતાના ચેકથી નાણા પોતાની બેંકના ખાતામાં ટ્રાન્સફર પ્રવાહ પોસ્ટ ઓફિસના ખાતાનો પોતાનો ચેક પોતાના બેંક ખાતામાં ભર્યો હતો. પરંતુ ચેન્નઈ ખાતે આવેલા વાવાઝોડાના કારણે પોસ્ટ ઓફિસનું મુખ્ય સર્વર થયું હતું. દેશભરની તમામ પોસ્ટ ઓફિસના કોમ્પ્યુટર ઠપ્પ થઈ ગયા હતા. પરિણામે બેંકમાં ખાતાધારકોએ બેંકમાં જમા કરાવેલા પોસ્ટ ઓફિસોના ચેક રીટર્ન થયા હતા. જો કે નવાઈની વાત એ છે કે, મદ્રાસ ખાતેની સિસ્ટમ થઈ જવાના કારણે વડોદરા સહિત દેશભરની પોસ્ટ ઓફિસોના કોમ્પ્યુટરો ઠપ્પ થયા હતા. પરિણામે આવા તમામ ચેકો રીટર્ન ઠપ્પ થતા પોસ્ટ ઓફિસના તમામ ખાતાદારો કે પોસ્ટ ઓફિસના પોતાના ખાતામાંથી બેંકના પોતાના ખાતામાં નાણા ટ્રાન્સફર કર્યા હતા તેમના ચેક રીટર્નલ થયા હતા. પરંતુ પોસ્ટ ઓફિસનો ચેક રીટર્ન થવાના કારણે ખાતાધારકના ખાતામાંથી ચેક રીટર્ન થવાના ચાર્જ પેટે બારોબાર કપાઈ ગયા હતા. આવા લાખો રૂપિયા કપાઈ જતા પોસ્ટ ખાતાના ગ્રાહકોમાં રોષ વ્યાપ્યો છે. પ્રતિ ચેક રિટર્ન પેટે રૂપિયા ૧૪૦ પ્રત્યેક પોસ્ટ ખાતાધારકના કપાયા છે આ અંગે વડોદરા જીપીઓના સિસ્ટમ મેનેજરે જણાવ્યું હતું કે ચેન્નાઈ ખાતે તમામ પોસ્ટ ઓફિસોની સિસ્ટમ ચાલે છે જેમાં પ્રોગ્રામો પણ ત્યાંથી જ ફીડ થતા હોય છે પરિણામે ત્યાંથી જ ચેક રિટર્ન અંગે સિસ્ટમ મુજબ નાણા કપાઈ ગયા છે જેમાં કોઈપણ પોસ્ટ ઓફિસના અધિકારીઓ કે કર્મચારીઓ આ બાબતે

# માણાવદરના સણોસરાનાં ગ્રામજનોને ફ્લેગશીપ યોજનાઓની જાણકારી અપાઈ





જૂનાગઢ, તા.૯

વિકસિત ભારત સંકલ્પ યાત્રા સરકારની ૧૭ જેટલી ફ્લેગશીપ યોજનાઓની જાણકારી લઈને જૂનાગઢ જિલ્લાના વિવિધ ગામડાઓમાં પહોંચી રહી છે. આ તકે ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું છે. શાળાના બાળકો પોતાના શૈક્ષણિક કૌશલ્યને આ તકે ગ્રામજનો સમક્ષ રજૂ કરી રહ્યા છે. ત્યારે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું માણાવદર તાલુકાના સણોસરા ગામમાં આગમન થતા ગ્રામજનોએ ઉત્સાહભેર આવકાર આપ્યો હતો.

મદદનીશ તાલુકા વિકાસ અધિકારી દિવ્યેશ ગરેજાએ વિકસીત ભારત સંકલ્પ રથ યાત્રા સરકારની કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતગાર થાય અને તેનો લાભ મેળવી પોતાના વિકાસની સાથે સાથે સમગ્ર દેશના વિકાસમાં સરળતાથી સામેલ થઈ શકે તે માટે આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ ગામે ગામ ફરીને લોકોને ઘરઆંગણે લાભ આપી રહ્યો છે, તેવી ગ્રામજનોને સમજ આપી જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા પોષણ અભિયાન, આયુષ્માન કાર્ડ, સોઈલ હેલ્થ કાર્ડ, પીએમ કિસાન સન્માન નિધિ, ઉજ્જ્વલા યોજના, વ્હાલી દિકરી યોજના, આવાસ યોજના સહિતના અનેક લાભો લોકોને ઘરબેઠા મળી રહ્યા છે.

સણોસરા ગામે આયોજીત કાર્યક્રમ દરમ્યાન વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય અને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિકસિત ભારત સંકલ્પની સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

કાર્યક્રમમાં ગ્રામજનોએ પ્રધાનમંત્રીનો વીડિયો સંદેશ નિહાળ્યો હતો. ઉપરાંત 'મેરી કહાની મેરી ઝુબાની' હેઠળ સોલંકી કુરજી દુર્લભભાઈ અને વિરજી ભીમજીભાઈ રાઠોડે પોતાને મળેલ પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જ્વલા યોજના અને અન્નયોજના, તથા કીંદરખેડીયા બંસીબેને કીશોરી આંગણવાડી યોજના, કીશન રોહીત વકાતરના માતુએ તેમના બાળકને તુટેલ તાળવાની સારવાર માટે આયુષ્માન કાર્ડથી થયેલ સારવાર તથા પ્રાકૃતિક ખેતી સંદર્ભે બાથાણી નયન ગોવીંદભાઈએ યોજનાઓ થકી તેમને મળેલા લાભો અંગે પોતાના અનુભવો વર્ણવી સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

શાળાના બાળકોએ 'ધરતી કહે પુકાર કે' થીમ ઉપર નાટક પ્રસ્તુત કરી ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો અને લોકોની ભૂતકાળની જીવનશૈલી અને મુશ્કેલીઓ અને બાદમાં સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજના ના લાભો થકી આવેલા પરિવર્તનો અંગે રસદાર નાટ્ય પ્રસ્તુતિ કરી હતી. સરકારશ્રીની યોજનાઓની અર્થસભર માહિતી નુક્કડનાટક દ્વારા દર્શાવી ગામ લોકોને યોજનાથી લાભ થવા પ્રેરિત કર્યા હતા. સણોસરાનાં માજી સરપંચ રાઠોડ માવજીભાઈ ભીમજીભાઈએ જણાવ્યુ હતુ કે સરકારે જનજનના વિકાસ માટે અનેક યોજનાઓ બનાવી છે ત્યારે એકબીજાના માર્ગદર્શન સહયોગ અને પરસ્પરના માનવી અભિગમથી છેવાડાના માનવીને પણ સરકારશ્રીની યોજનાઓથી વાકેફ કરી તેને લાભાન્વિત કરીને પરિવારના જીવનમાં પરિવર્તન લાવી શકીએ તે દિશામાં સૌને કાર્ય કરવા આવવા કેન્દ્ર સરકાર પુરસ્કૃત કલ્યાણકારી યોજનાઓ વંચીતોનાં દ્વાર સુધી પહોંચતી કરવા આહવાન કર્યુ હતુ.કાર્યક્રમના સ્થળે આરોગ્ય વિભાગ દ્વારા ઊભા કરાયેલા વિનામૂલ્ય સારવાર કેમ્પનો ગ્રામજનોએ મોટા પ્રમાણમાં લાભ લીધો હતો. આ પ્રસંગે સણોસરા ગામના સહકારી મંડળીના પ્રમુખ મોહનભાઈ લાલજીભાઈ દેત્રોજા વહીવટદાર નેહલકુમાર ભોજાભાઈ પરમાર વિસ્તરણ અધિકારી શ્રી નરોત્તમ આહિરે ગામના ગ્રામ સેવક રૂડાભાઈ કોડીયાતર તલાટી મંત્રી ગુંજનભાઈ ભૂત, વાસ્મોના ઈલાબેન કૈલા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિવિધ યોજનાનાં લાભાર્થીઓને લાભો વિતરીત કરાયા સાથે શ્રેષ્ઠ કાર્યપ્રદાન કરનાર કર્મયોગીઓ અને સેવાપ્રવૃતિ સાથે સંકળાયેલ વ્યક્તિવીશેષોનું બહુમાન કરવામાં આવ્યુ હતુ.

# ખંભાળિયાની સગીરા પર દુષ્કર્મના દસ વર્ષ પૂર્વેના કેસમાં આરોપીને દસ વર્ષની સખત કેદ ફટકારતી સ્પે. સેશન્સ કોર્ટ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૯

ખંભાળિયામાં રહેતી એક સગીરાને લગ્ન કરવાની લાલચ આપી તેણીને અપહરણ કરીને લઈ ગયા બાદ દુષ્કર્મ આચરવાના પ્રકરણમાં ખંભાળિયાની સ્પેશિયલ એડિશનલ સેશન્સ કોર્ટે આરોપીને દસ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૦,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ ખંભાળિયામાં આવેલી કચોરીયા વાડી ખાતે રહેતા જીતુ ઉર્ફે જીતો બલુ જોગાણી નામના શખ્સ દ્વારા અહીંની એક સગીરાને આજથી આશરે ૧૦ વર્ષ પૂર્વે લગ્ન કરવાની લાલચ આપીને લલચાવી, ફોસલાવી તેણીના પરિવારજનોના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયો હતો. આરોપી શખ્સ સગીરાને જામનગર, ચોટીલા, અમદાવાદ, સુરત, વલસાડ વિગેરે સ્થળોએ લઈ ગયા બાદ ઉપરોક્ત શખ્સ સામે અપહરણની કલમ મુજબ અહીંના પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. આ પ્રકરણમાં તપાસનીસ પોલીસ અધિકારીએ આરોપીને શોધી કાઢી અને સગીરાની તબીબી ચકાસણી કરાવી હતી. જેમાં એફ.એસ.એલ.ના રિપોર્ટના આધારે સગીરા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનું ખુલવા પામ્યું હતું. આ સમગ્ર પ્રકરણ અંગે અહીંની એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ થયા બાદ પોક્સો એક્ટની કલમનો પણ ઉમેરો થયો હતો. આ પ્રકરણમાં જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા અદાલત સમક્ષ વિવિધ આધાર, પુરાવાઓ તેમજ ભોગ બનનાર અને મેડિકલ ઓફિસરની જુબાની વિગેરે રજુ કરવામાં આવતા એડિશનલ સેશન્સ જજ શ્રી વી.પી. અગ્રવાલ દ્વારા આરોપી જીતુ ઉર્ફે જીતો જોગાણીને તકસીરવાન ઠેરવી, આ સમગ્ર કેસમાં તેને દસ વર્ષની સખત તથા રૂપિયા ૧૦,૦૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આટલું જ નહીં, ભોગ બનનારને તેમના સામાજિક, માનસિક અને આર્થિક પુનર્વસન માટે વીટનેસ કોમ્પનસેશન સ્કીમ હેઠળ રૂપિયા બે લાખનું વળતર ચૂકવવા પણ હુકમ કરવામાં આવ્યો છે.

# માળિયા હાટીનાના જંગર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના અનુસંધાને કાર્યક્રમ યોજાયો





### ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાએ કેન્દ્ર-રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ લેવા કર્યો અનુરોધ

જૂનાગઢ, તા.૯

વિકસિત ભારત સંકલ્પ યાત્રા માળિયા હાટીના તાલુકાના જંગર ગામના ગ્રામજનોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમને દીપ પ્રાગટ્ય દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ તકે ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા દ્વારા લોકોને કેન્દ્ર રાજ્ય સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો લાભ લેવા માટે અનુરોધ કર્યો. તાલુકા વિકાસ અધિકારી એમ.જે.પાવરાએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના ફાયદા અને રાસાયણિક ખેતીથી થતા નુકશાન વિશે માહિતી આપી અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં સફળ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું. તેમજ અલગ અલગ યોજનાના લાભાર્થીઓએ PMJAY કાર્ડ નું વિતરણ કરવામાં આવ્યું. આ તકે હેલ્થ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેનો ગ્રામજનોએ લાભ મેળવ્યો હતો.

આ પ્રસંગે જુદા જુદા વિભાગના કર્મચારીઓ અને અગ્રણીઓ ઉપરાંત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# શિવરાજપુર બિચ પર વાહનોની અવર-જવર તથા કચરો ફેંકવા પર પ્રતિબંધ




(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા. ૯


દેવભૂમિ દ્વારકામાં જિલ્લામાં આવેલ બ્લુ ફલેગ સર્ટીફિકેટ ધરાવતો શિવરાજપુર બીચ એકદમ શાંત રળીયામણો અને પ્રાકૃતિક સમન્વયનું સુંદર નજરાણું છે. શિવરાજપુર બીચએ દ્વારકાથી નજીક હોવાથી દ્વારકાધીશના દર્શને આવતા સહેલાણીઓ પણ મોટા પ્રમાણમાં અહીં આવે છે. જેથી દેવભૂમિ દ્વારકાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ તેમને મળેલ સત્તાની રૂએ શિવરાજપુર બિચ પર ૫ કિલોમીટરની ત્રિજયામાં પ્લાસ્ટીકના ઉપયોગ/વપરાશ, વાહનોની અવર-જવર, કચરો ફેંકવા તેમજ કેમ્પેઈન કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યુ છે. આ જાહેરનામું. તા. ૦૪/૦૨/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ જાહેનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# શેર બજારમાં વળતરની લાલચ આપી સાવરકુંડલાનાં દંપતિ સામે ૨ કરોડ, ૯૨ લાખ, ૬૭ હજાર ૩૯૭ની છેતરપીંડીની ફરીયાદ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૯

ઉના શહેરમાં વિદ્યા નગરમાં રહેતા જયદીપગીરી સુંદરગીર ગૌસ્વામીએ ઉના પોલીસમાં લેખિતમાં ફરિયાદ નોંધાવી છે કે અમરેલી જિલ્લાના સાવારકુંડલા ગામના કેવિન પ્રવીણભાઈ ભટ્ટ અને તેમની પત્ની રૂપાબેન કેવિનભાઈ ભટ્ટે ઉનાના જયદીપભાઈ ગૌસ્વામીને વિશ્વાસમાં લઈ એકસીસ બેન્ક અમદાવાદ ખાતે શિવાય ઈન્વેસ્ટમેન્ટ દ્વારા શેર બજારમાં સારૂ વળતર મળતું હોય લાલચ આપી વિશ્વાસમાં લઈ રૂપિયા રોકવા એજન્ટ તરીકે નિમણૂંક કરેલ અને જયદીપગીરીએ ૩૪ ગ્રાહકો બનાવી તા.૨૧/૭/૨૦૨૦થી તા.૬/૧૨/૨૦૨૩ સુધીમાં નાણાં રોકેલ અને કુલ રૂપિયા ૨ કરોડ, ૯૨ લાખ, ૬૭ હજાર, ૩૯૭ રૂપિયા પરતના આપતા



તપાસ કરતા આરોપીઓએ અંગત ઉપિયોગમાં રકમ લઈ લીધી હતી. પરત આપેલ નહિ તેથી આરોપી સામે ગુનાહિત કાવતરૂ ઘડી ફરિયાદી અને ૩૪ ગ્રાહકોની રૂપિયાની રકમ ઓળવી જઈ વિશ્વાસ ઘાત અને છેતરપીંડી કરેલની ફરિયાદ નોંધાવી હતી. તેમજ ઉના શહેર અને તાલુકામાં વધુ એજન્ટો બનાવી વધુ લોકોના નાણાં ઉઘરવેલ હોવાનું જાણવા મળેલ છે. આંકડો મોટો થાય તો નવાઈ નહીં હાલ તો જે લોકોના નાણાં ફસાઈ ગયા છે તેમને માથે હાથ મૂકીને રોવાનો વારો આવ્યો છે. અગાઉ પણ ઉના શહેર અને તાલુકામાં ઘણી કંપનીઓ ઉચા વળતર આપવાની લાલચ આપી હજારો લોકોના નાણાં ઉઘરાવી નાસી ગયેલ હતી. હજુ સુધી કોઈને વળતર મળેલ નથી અને કહેવત સાચી પડી કે લોભીઓ હોય ત્યાં ધૂતારાઓ ભૂખેના મારે લાલચ બહુત બુરી ચીજ હે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પત્ની જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના કારણરૂપ છે.
- માર્કેન્ડ પુરાણ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક વદ-૧૨ ઉત્પતિ એકાદશી (ભાગવત), બારસની વૃધ્ધિ છે તા.૯ ડિસેમ્બર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૨૫, ચિત્રા નક્ષત્ર, શોભન યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૨૧, સૂ.અ.૬:૦૪
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી તુલા (૨ ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વિઘ્નસભર દિવસ વિતે. ધીરજની કસોટી થાય.
વૃષભ:ગૃહવિવાદ, અપયશના ભોગ ન બનવું પડે તેની સાવચેતી રાખવી.
મિથુન:અગત્યની કામગીરી થાય. આનંદદાયક દિવસ વિતે. તબિયત સંભાળવી.
કર્ક: ધાર્યું થાય નહિં. અગત્યની કામગીરીમાં રૂકાવટ આવે.
સિંહ: પ્રતિકૂળતા દૂર થાય. સ્નેહિથી મિલન, અગત્યના કાર્યમાં પ્રગતિ થાય.
કન્યા: વ્યર્થ કાર્યબોજ રહે. આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે.
તુલા: વ્યર્થ માનસિક ચિંતા રહે. તબિયત બાબતે સંભાળવું.
વૃશ્ચિક:આર્થિક સમસ્યા હળવી બને. ગૃહવિવાદના ભોગ ન બનાય તે જોવું.
ધન: ખર્ચ પર કાબુ રાખવો. કૌટુંબિક કાર્યમાં વ્યસ્ત રહેવાય.
મકર: મહત્વના કાર્યમાં સફળતા મળે. મનની મનોકામના પૂર્ણ થાય.
કુંભ: નવિન ઓળખાણથી લાભ. મન આનંદમય પ્રવૃતિમાં વ્યસ્ત રહે.
મીન: અગત્યની કામગીરીમાં લાભ થાય. આર્થિક સમસ્યાનો હલ થાય.

### જાન્યુ.-ફેબ્રુઆરીમાં પ્રિલિમ પરીક્ષા યોજાવાની હતી

## ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાનારી પરીક્ષા મોકૂફીની જાહેરાત

ગાંધીનગર,તા.૯

રાજ્યમાં ભરતી માટેની પરીક્ષાનું આયોજન કરતી ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)ની ચાર જેટલી પ્રિલિમ પરીક્ષાઓ મોકુફ રાખવામાં આવી છે. જેમાં ઈજનેર વિભાગના વર્ગ-૧,૨ અને ૩ની પરીક્ષાનો સમાવેશ થાય છે. જેને હાલ મોકૂફ રાખવામાં આવી છે. ગાંધીનગરથી GPSCની તૈયારી કરનાર વિદ્યાર્થીઓ માટે મહત્ત્વના સમાચાર જારી થયા છે. જેમાં જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં લેવાનારી ભૂમિ મોજણી અધિકારી વર્ગ ૧ અને ૨ તેમજ નાયબ કાર્યપાલક ઈજનેર (યાંત્રિક)-વર્ગ-૨ (GWRDC) અને અધિક મદદનીશ ઈજનેર (સિવિલ) વર્ગ૩ (GMC) ની પરીક્ષા મોકૂફ રાખવાની જાહેરાત કરાઈ છે. આ સાથે જ GPSC તરફથી એવું કારણ આપવામાં આવ્યું છે કે, વહીવટી કારણોસર પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. તેમજ ઉમેદવારોને આગામી સમયમાં નવી તારીખ આયોગ દ્વારા હવે પછીથી જાહેર કરવામાં આવશે. જેના કારણે વિદ્યાર્થીઓને પણ હવે ભરતીની પરીક્ષા માટે રાહ જોવી પડશે. આ અગાઉ પણ ડિસેમ્બરમાં યોજાનારી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા કુલ ૬ જાહેરાતોની પ્રાથમિક પરીક્ષાની તારીખોમાં વહીવટી કારણોસર ફેરફાર કરવામાં આવ્યો હતો. જેમાં હવે આ નવી જાહેરાત કરતા તેને સંબંધિત ઉમેદવારોને નોંધ લેવા જણાવાયું છે. યુરોલોજીના મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-૧, ગેસ્ટ્રોએન્ટ્રોલોજીના મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૧, ન્યુરોલોજીના મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨, પેડીયાટ્રીક સર્જરીના મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૧, બર્ન્સ એન્ડ પ્લાસ્ટિક સર્જરીના મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-૧, કાર્ડીયોલોજીના મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૧ની ભારતી અંગેની પ્રાથમિક પરીક્ષાઓમાં જીપીએસસી દ્વારા ફેરફાર કરવામાં આવ્યા છે. જેને પગલે પરીક્ષાની તૈયારી કરનારા ઉમેવારોને વધુ સમય મળશે. જો કે કેટલાક સંપૂર્ણ તૈયારી કરી લેનારા ઉમેદવારો આ નિર્ણયથી થોડાક હતાશ થવા પામ્યા છે.

## ગુજરાતના ગરબાને આખરે વર્લ્ડ હેરિટેજની યાદીમાં મળ્યું સ્થાન !



ગાંધીનગર, તા.૯

ગુજરાત માટે ગર્વ કરવાનો વધુ એક મોકો મળ્યો છે જેમાં ગુજરાતના ગરબાને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મળ્યું છે. ગરબાને માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસા તરીકે સ્થાન મળ્યું છે. ગુજરાતની ગૌરવંતી સાંસ્કૃતિક પરંપરા 'ગરબા'ને હવે વૈશ્વિક સ્તરે નામના મળવા જઈ રહી છે. યુનેસ્કો દ્વારા આજે ગરબાને વર્ષ ૨૦૨૩નો અમૂત સાંસ્કૃતિક વારસો (આઈસીએચ) જાહેર કરવામાં આવશે. આ અંગે યુનેસ્કો દ્વારા ગરબા લોકનૃત્યની હેરિટેજમાં સ્થાન મળ્યું છે. યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક ખજાનાની યાદીમાં સમાવેશ કરવા માટે ભારતે ગુજરાતની પ્રતિષ્ઠિત પરંપરાગત નૃત્ય શૈલી ગરબાનો પ્રસ્તાવ બે વર્ષ અગાઉ મૂક્યો હતો. આખરે હવે આ વિચારને સ્થાન આપવામાં આવ્યું છે. અત્રે નોંધનીય છે કે, યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસો ભારતની યાદીમાં મણિપુરના સંકીર્તન, ઢોલ વગાડવું અને નૃત્ય, દુર્ગા પૂજા, કુંભ મેળો, યોગા, નોવરોઝ, જંડિયાલા ગુરૂના થાથેરાઓમાં પરંપરાગત પિત્તળ અને તાંબાના વાસણો બનાવવાની કારીગરી, લદ્દાખનું બૌદ્ધ નૃત્ય છે. આ ઉપરાંત દેશના કાલબેલિયા લોકગીતો અને રાજસ્થાનના નૃત્યો, મુડીયેટ્ટુ, ધાર્મિક થિયેટર અને કેરળનું નૃત્ય નાટક, રામમન, વૈદિક જાપની પરંપરા અને રામલીલા. યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસો અને માનવતાની યાદીમાં ભારતના કુલ ૧૪ તત્ત્વો અંકિત છે. કેન્દ્રીય મંત્રી જી. કિશન રેડ્ડીએ આજે અહીં આ માહિતી શેર કરી છે. તેમણે કહ્યું કે, આ પ્રતિષ્ઠિત માન્યતા પ્રાપ્ત કરનાર ભારતનો આ ૧૫મો વારસો છે. જ્યારે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વિટ કરી જણાવ્યું છે કે, ભક્તિના પ્રતિક સમા ગરબાની સદીઓ પુરાણી પરંપરા આજના સાંપ્રત સમયમાં પણ જીવંત રહી છે અને પૂરા તેજ સાથે ખીલી છે. ગુજરાતની ઓળખ સમા ગરબાની @UNESCO દ્વારા 'અમૂર્ત સાંસ્કૃતિક વારસા' તરીકે પસંદગી કરવામાં આવી છે. વિશ્વભરમાં વસેલા ગુજરાતીઓ માટે આ ગૌરવની ક્ષણ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશની વિરાસતને મળેલા મહત્ત્વ અને તેને વિશ્વ સમક્ષ ઉજાગર કરવાના પ્રયાસોનું આ સુખદ પરિણામ છે

## સેમિકન્ડક્ટર ઉત્પાદનનો ગુજરાતનો પ્રોજેક્ટ વિશ્વભરમાં ઝડપી અમલીકરણ તરીકે શો-કેસ

ગાંધીનગર, તા.૯

સેમિકન્ડક્ટર સેક્ટરની મોટી અને અગ્રગણ્ય માઈક્રોન કંપનીના સાણંદ સેમિકન્ડક્ટર પ્લાન્ટની ગતિવિધિઓને વધુ ઝડપી બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે TRA (ટ્રસ્ટ એન્ડ રિટેન્શન એગ્રીમેન્ટ) કરવામાં આવ્યા હતા. આ એગ્રીમેન્ટ અંતર્ગત માઈક્રોનને પ્લાન્ટ કાર્યરત કરવા જરૂરી સહયોગ તેમજ નાણાં સહાય અને કેન્દ્ર-રાજ્ય સરકાર સાથેના વિભાગોની પ્રક્રિયાઓ સમયસર પૂર્ણ કરવામાં ગુજરાત સરકારનો સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ, ભારત સરકારનું ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન તથા ICICI બેંક સહાયક બનશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ એગ્રીમેન્ટ ગુજરાતમાં કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જિન સરકારની બેવડી વિકાસ ગતિના ત્વરિત લાભ આપનારૂં એગ્રીમેન્ટ ગણાવ્યું હતું. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટ કહ્યું કે, માઈક્રોનને તેના પ્લાન્ટ માટે માત્ર એક અઠવાડિયામાં સાણંદ ખાતે જમીન મળી જવી તથા ૯૦ દિવસમાં જ પ્લાન્ટનું ભૂમિપૂજન અને બાંધકામ પ્રારંભ થવો એ માત્ર ડબલ એન્જિન સરકારની વિકાસ પ્રતિબદ્ધતાથી જ સંભવ છે. માઈક્રોનનો આ સેમિકન્ડક્ટર ઉત્પાદન પ્રોજેક્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત અને 'મેઈક ઈન ઈન્ડિયા, મેઈડ ફોર ધ વર્લ્ડ'ના સંકલ્પને સાકાર કરીને વિકસિત ભારત@2047માં ગુજરાતને સેમિકન્ડક્ટરનું હબ અવશ્ય બનાવશે. તેમણે સાણંદમાં ૨૨ હજાર કરોડ રૂપિયાના ખર્ચે ૯૩ એકર વિસ્તારમાં નિર્માણાધીન માઈક્રોન ફેસેલિટી દ્વારા વીસ હજાર જેટલું ડાયરેક્ટ-ઈન ડાયરેક્ટ એમ્પ્લોયમેન્ટ જનરેશન કરવાનું છે તેની પણ સરાહના કરી હતી. તેમણે કહ્યું કે, સાણંદમાં નિર્માણાધીન પ્લાન્ટ પણ સિંગાપોરની પેટર્ન અને હાઈટેક્નોલોજી સાથે કાર્યરત થવાનો છે તેની માહિતી સિંગાપોર મુલાકાત દરમ્યાન માઈક્રોને ગુજરાત ડેલીગેશનને આપી હતી. આ સાથે તેમણે માઈક્રોનને રાજ્ય સરકારના જરૂરી સહયોગ માટેની તત્પરતા પણ આ તકે વ્યક્ત કરી હતી. કેન્દ્રીય રેલવેઝ અને IT મંત્રી અશ્વિની વૈષ્ણવે રાજ્ય સરકાર દ્વારા માઈક્રોનને મળી રહેલા ત્વરિત પ્રતિસાદ માટે અભિનંદન પાઠવ્યા હતા. વૈષ્ણવે ઉમેર્યું કે, ગુજરાતનો આ પ્રોજેક્ટ સમગ્ર વિશ્વમાં ચર્ચાનું કેન્દ્ર અને ડબલ એન્જિન સરકારના ફાસ્ટ ઈમ્પ્લિમેન્ટેશનના ઉદાહરણ તરીકે શો-કેસ થઈ રહ્યો છે. કેન્દ્રીય મંત્રીએ માઈક્રોનના આ પ્રોજેક્ટને પગલે સેમિકન્ડક્ટર સેક્ટરમાં વધુ રોકાણ દરખાસ્તો આવશે તેવી અપેક્ષા પણ વ્યકત કરી હતી. માઈક્રોનના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ ગુરૂશરણસિંહે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો પ્રો-એક્ટિવ એપ્રોચ ગુજરાતમાં પ્રોજેક્ટ ઝડપથી કાર્યરત કરવામાં ગતિ લાવશે તેવી લાગણી વ્યક્ત કરી સરકારના વિભાગો અને અધિકારીઓનો આભાર પ્રગટ કર્યો હતો. આ એગ્રીમેન્ટ સાઈનીંગ અવસરે મુખ્ય સચિવ રાજકુમાર, અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ જે.પી. ગુપ્તા, સાયન્સ એન્ડ ટેક્નોલોજી અગ્ર સચિવ મોના ખંધાર તેમજ CICIના ગુજરાત રિજિયનના વરિષ્ઠ અધિકારીઓ, માઈક્રોનના પ્રતિનિધિઓ સહભાગી થયા હતા.

## રાજ્ય સરકારે રૂ.૩૫૦ કરોડની તાર ફેન્સિંગ સહાય યોજનાને મંજૂરી આપતા ખેડૂતોનો આવકાર

સુરત, તા.૯

ખેડૂતોના ઉભા પાકને નિલગાય, જંગલી ભૂંડના ત્રાસના કારણે ભારે નુકસાન વેઠવાનો વારો આવે છે. ત્યારે ઉભા પાકને બચાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ૩૫૦ કરોડની તાર ફેન્સિંગ સહાય યોજના જાહેર કરવામાં આવી છે. ૫ હેક્ટરની જગ્યાએ ૨ હેક્ટર કરવામાં આવી હોવાથી ખેડૂતોને ખૂબ ફાયદો થશે તેમ નિર્ણયને આવકારતા ખેડૂતો કહી રહ્યા છે. પાકને જાનવરોથી બચાવવાની તાર ફેન્સીંગ સહાય યોજના માટે ૩૫૦ કરોડની મંજૂરી આપવામાં આવી છે. ત્યારે રાજ્ય સરકારના નિર્ણયને ખેડૂત સમાજે આવકાર્યો છે. ૨ ડિસેમ્બરથી ખેડૂતો આઈ-ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરી શકાશે. ભૂંડ, નિલગાય સહિતના જાનવરોથી પાકને બચાવી શકાશે. ખેતરોમાં ભૂંડ સહિતનાં જાનવરો દ્વારા પાકને કરવામાં આવતા નુકશાનને અટકાવવા માટે નિર્ણય કરાયો છે. આ અંગે ખેડૂત આગેવાન જયેશભાઈએ કહ્યુ હતું કે, આ નિર્ણય ખેડૂતો માટે ખૂબ જ હિતકારી છે. કારણે સમગ્ર ગુજરાતમાં જંગલી ભૂંડ, નિલગાય અને દક્ષિણ ગુજરાતમાં શેરડી પકવતાં ખેડૂતોને દીપડાનો ત્રાસ પણ ખૂબ રહે છે. ત્યારે રાજ્ય સરકારે આ યોજના ખૂબ સારી બનાવી છે. જેના કારણે ખેડૂતોને ખૂબ સારો ફાયદો થઈ શકશે.

## રાજ્યમાં મોટર અકસ્માતના સૌથી વધુ કેસ નોંધાય છે ત્યારે પીડિતોને વળતર મેળવવા ધક્કા ખાવા ના પડે તેની ખાતરી કરવી જરૂરી : હાઈકોર્ટ



અમદાવાદ,તા.૯

ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલે બુધવારે ટિપ્પણી કરી હતી કે રાજ્યમાં મોટર અકસ્માતના સૌથી વધુ કેસ નોંધાય છે અને અકસ્માતોના પીડિતોના આશ્રિતોને વળતર મેળવવા માટે કોર્ટના ધક્કા ના ખાવા પડે તેમ થવું જોઈએ. "જે વ્યક્તિ મોટર અકસ્માતને કારણે પીડિત છે, તેના આશ્રિતોને કોર્ટમાં દોડી જવા અને પછી વળતર મેળવવા માટે ધક્કા ના ખાવા પડે તેમ જોવું જોઈએ. તેમના કેસ વિશેની માહિતી નોંધવામાં આવે છે અને વીમા કંપનીને બોલાવવામાં આવે છે અને દાવેદાર આવે ત્યારે આ બાબતનો નિર્ણય લેવામાં આવે તે જરૂરી છે. આ પ્રક્રિયા ઝડપી બને તેમ કાયદાનો ખયાલ છે,એમ ચીફ જસ્ટિસે જણાવ્યું હતું. "જયાં સુધી ગુજરાત રાજ્યનો સંબંધ છે ત્યાં સુધી, લગભગ તમામ જિલ્લાઓમાં મોટર અકસ્માતના સૌથી વધુ કેસ છે. અમે તમને એક અઠવાડિયાનો સમય આપી રહ્યા છીએ, એમ સરકારી વકીલને સંબોધતા અદાલતે કહ્યું હતું. આ સાથે સરકારી વકીલને જવાબ સાથે આવવા જણાવતાં કોર્ટે વધુ સુનાવણી ૧૫ ડિસેમ્બર ના રોજ મુલતવી રાખી હતી. ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરુદ્ધ માયીની બેંચ રાજ્યભરમાઅકસ્માત પીડિતોને તાત્કાલિક વળતરની માંગ કરતી પીઆઈએલની સુનાવણી કરી રહી હતી. અરજદારે માર્ગ અકસ્માતમાં ઈજા કે મૃત્યુના કિસ્સામાં પીડિતો અથવા તેમના સંબંધીઓને વાહન અકસ્માતના કેસમાં દાવા મેળવવામાં મદદ કરવા માટે કેસ નોંધવા માટે સુપ્રીમ કોર્ટના ચુકાદાના અમલની માંગ કરી છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ, પોલીસ વિભાગે વીમા કંપની પાસેથી વળતર મેળવવા માટે મોટર એક્સિડન્ટ્સ ક્લેમ ટ્રિબ્યુનલને અકસ્માતોના કેસની જાણ કરવા માટે એક વિશિષ્ટ એકમ બનાવવું જોઈએ પરંતુ ગુજરાતમાં તેનો અમલ થયો નથી. હાલની અરજીમાં ઊભો થયેલો વિવાદ મોટર વાહન અધિનિયમની કલમ ૧૫૯ની જોગવાઈઓનું કડક પાલન ન કરવાના સંદર્ભમાં હતો, જેમાં પોલીસ અધિકારીને અકસ્માત વળતરના દાવાની પતાવટને સરળ બનાવવા માટે અકસ્માત માહિતી અહેવાલ તૈયાર કરવાનું ફરજિયાત છે. ત્રણ મહિનાની અંદર એક ફોર્મમાં આવી વિગતો સમાવી અને તેને ક્લેમ્સ ટ્રિબ્યુનલમાં સબમિટ કરવાની હોય છે. મોટર વાહન અધિનિયમની કલમ ૧૫૯ હેઠળ પોલીસ અધિકારી દ્વારા ફોરવર્ડ કરવાની જરૂરી માહિતી, તારીખ પ્રમાણે પૂરી પાડવામાં આવતી નથી તેવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

## બ્રિટિશ સરકારના નવા નિયમો ભારતીયો માટે UKમાં કામ કરવાનું વધુ મુશ્કેલ બનાવશે



(એજન્સી) તા.૯

બ્રિટિશ સરકાર દ્વારા યુનાઈટેડ કિંગડમ માટે કુશળ વર્કર વિઝા માટે અરજી કરવા માટે પાત્રતા ધરાવતા અંદાજે ૩,૦૦,૦૦૦ નોન-બ્રિટન્સ, તેમાંના ઘણા ભારતીયો લોકો પણ છે તેઓ પર આ પ્રતિબંધને કારણે અસર થવાની સંભાવના છે. અરજદાર માટે હવે લઘુત્તમ પગાર ફ૨૬,૦૦૦થી વધીને £38,700 જરૂરી છે. હાઉસ ઓફ કોમન્સમાં ગૃહ સચિવ જેમ્સએ કહ્યું કે, યુકેમાં સ્થળાંતર ઘટાડવા માટે આ નીતિ તૈયાર કરવામાં આવી છે. નેટ માઈગ્રેશન, જે યુકેમાં રહેવા માટે આવતા લોકોની સંખ્યા અને છોડીને જતા લોકો વચ્ચેનો તફાવત છે- તે ૨૦૨૨માં ૭,૪૫,૦૦૦ હતો અને તે બ્રિટિશરોમાં ખૂબ જ અપ્રિય બની ગયો છે. યુરોપિયન યુનિયન (EU)માંથી બહાર નીકળવા માટેની મુખ્ય દલીલો પૈકી એક ઈમિગ્રેશનને નિયંત્રિત કરવાની હતી. જે EUમાં લોકોની ફરજિયાત મુક્ત હિલચાલ અટકાવી શકતી નથી. ભારતના નોંધપાત્ર સંખ્યા સહિત વિશ્વના અન્ય ભાગોમાંથી યુકેમાં આવેલા લોકોને તેની અસર થવાની છે. આરોગ્ય અને સામાજિક સંભાળ વિઝા ઉપર આવતા લોકોમાં મોટે ભાગે નર્સોને આ ઉચ્ચ પગાર થ્રેશોલ્ડમાંથી મુક્તિ આપવામાં આવશે. જો કે, તેઓને આશ્રિતો એટલે કે તેમના જીવનસાથી અને બાળકોને તેમની સાથે લાવવાની પરવાનગી આપવામાં આવશે નહીં. તે સ્વાસ્થ્ય અને સંભાળ વિઝાના દુરૂપયોગને સમાપ્ત કરશે. યુકેમાં નર્સો ભારત ઉપરાંત એશિયા, આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝના અન્ય ભાગોમાંથી પણ આવે છે. જેમ્સએ જણાવ્યું હતું કે, સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ પૂરા થતા વર્ષમાં આશરે ૧,૨૦,૦૦૦ આશ્રિતો ૧,૦૦,૦૦૦ સંભાળ કાર્યકરો અને વરિષ્ઠ સંભાળ કાર્યકરો સાથે હતા. માત્ર ૨૫ ટકા આશ્રિતો કામ ઉપર હોવાનો અંદાજ છે, જેનો અર્થ થાય છે કે, નોંધપાત્ર સંખ્યા જાહેર સેવાઓ પર અસર થાય છે અને અર્થતંત્રના વિકાસમાં અવરોધ આવે છે. આ વર્ષની શરૂઆતમાં યુકેમાં આશ્રિતોને લાવતા વિદ્યાર્થીઓ માટે સખત નિયમોની જાહેરાત કરવામાં આવી હતી. અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને હવે તેમના જીવનસાથી અથવા બાળકોને લાવવાની મંજૂરી નથી. જેમ્સે સૂચવ્યું કે વિદેશી નોકરી શોધનારાઓ દ્વારા ચૂકવવાપાત્ર આરોગ્ય સરચાર્જ £624 પાઉન્ડથી વધીને £1035 થશે. આ પગલાની સીધી ટીકા કર્યા વિના, વિપક્ષી લેબર પાર્ટીના શેડો હોમ સેક્રેટરી યવેટ કૂપરે કહ્યું હતું કે, નવી દરખાસ્તો કન્ઝર્વેટિવ સરકાર દ્વારા સંપૂર્ણ નિષ્ફળતાનો સ્વીકાર છે. તેણીએ વડાપ્રધાન ઋષિ સુનકની પણ ટીકા કરી હતી અને કહ્યું કે, તેઓ 'સ્ટિયરિંગ' વિના આગળ વધી રહ્યા છે. સ્કોટિશ નેશનલ પાર્ટીના પ્રવકતાએ જણાવ્યું હતું કે, જેમ્સની ઘોષણા અયોગ્ય છે, જ્યારે સ્વતંત્ર કેર ગ્રુપના અધ્યક્ષે ચેતવણી આપી કે, મને લાગે છે કે, વધુ વ્યવસાયો નિષ્ફળ જશે, સંભાળ ઘરો બંધ થશે. એવું લાગે છે કે, યુકેમાં માસ્ટર્સ ડિગ્રી પૂર્ણ કર્યા પછી ઉપલબ્ધ પોસ્ટ-સ્ટડી વર્ક (PSW) વિઝા હજુ સુધી નવી માર્ગદર્શિકા હેઠળ આવશે નહીં. આ ભારતીય વિદ્યાર્થીઓ માટે એક રાહત છે, જેમની સંખ્યા ૨૦૨૧-૨૨માં ૧,૨૦,૦૦૦ હતી.

## યુદ્ધ શરૂ થયું તે પહેલાથી જ લોહિયાળ નવા તબક્કામાં ઈઝરાયેલે ગાઝાના બીજા સૌથી મોટા શહેર અને તેની આસપાસ હુમલો કર્યો

(એજન્સી) ગાઝા, તા.૯




ઈઝરાયેલે મંગળવારે વહેલી સવારે ગાઝાના બીજા સૌથી મોટા શહેરમાં અને તેની આસપાસનો બોમ્બમારો વધુ તીવ્ર બનાવ્યો હતો, કારણ કે, ગાઝામાં યુદ્ધના લોહિયાળ નવા તબક્કામાં ઘાયલ થયેલા લોકોને લઈ જતા સ્થાનિક હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ અને ખાનગી કાર દોડી આવી હતી. વધુ સામૂહિક જાનહાનિ અટકાવવા માટે યુએસ દબાણ હેઠળ ઈઝરાયેલ કહે છે કે, તે વધુ ચોક્કસ બની રહ્યું છે કારણ કે, તે ઉત્તરના મોટાભાગનો નાશ કર્યા પછી દક્ષિણ ગાઝામાં તેના આક્રમણને વધારી રહ્યું છે. હવાઈ બોમ્બમારો અને જમીની હુમલાઓ પહેલાથી જ પ્રદેશના ૨.૩ મિલિયન લોકોમાંથી ત્રણ ચતુર્થાંશ લોકોને તેમના ઘરોમાંથી કાઢી ચૂક્યા છે. ખાન યુનિસની નાસેર હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ આખી રાત ડઝનેક ઘાયલ લોકોને લાવી હતી. એક તબક્કે એક કાર ઊભી રહી અને એક વ્યક્તિ લોહીના ડાઘાવાળા શર્ટ પહેરેલા એક યુવાન છોકરાને લઈને બહાર આવ્યો, જેનો હાથ ઉડી ગયો હતો. રેડ ક્રોસ ક્યાં છે, યુનાઈટેડ નેશન્સ ક્યાં છે કટોકટી વિભાગની બહાર એક મહિલાએ ચીસો પાડી રહી હતી. મારા બાળકો રાત્રે ૧૦ વાગ્યાથી હજુ પણ કાટમાળ નીચે છે. રવિવારે લેવામાં આવેલા સેટેલાઈટ ફોટામાં ખાન યુનિસની બહાર ટેંકો અને સૈનિકો એકઠાં થઈ રહ્યા છે, જે આક્રમણનું નવીનતમ લક્ષ્ય છે, જે યુદ્ધ પહેલાં ૪,૦૦,૦૦૦થી વધુ લોકોનું ઘર હતું. ઈઝરાયેલે સમગ્ર વિસ્તારને બદલે લગભગ બે ડઝન પડોશમાંથી લોકોને ખાલી કરવાનો આદેશ આપ્યો છે જેમ તેણે ઉત્તરમાં કર્યું હતું. ઈઝરાયેલે યુદ્ધની શરૂઆતમાં ઉત્તરમાંથી ભાગેલા લોકોને પાછા ફરવા ઉપર પ્રતિબંધ મૂક્યો છે પેલેસ્ટીનીઓ કહે છે કે, ઈઝરાયેલ ઘેરાયેલા પ્રદેશમાં હુમલા કરવાનું ચાલુ રાખે છે, ત્યાં એવા કોઈ વિસ્તારો નથી જ્યાં તેઓ સુરક્ષિત અનુભવે છે અને ઘણાને ડર છે કે, જો તેઓ તેમના ઘર છોડે છે તો તેમને ક્યારેય પાછા ફરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ઈઝરાયેલ કહે છે કે, તેણે હમાસના વ્યાપક સૈન્ય માળખાને નષ્ટ કરવું જોઈએ અને તેને સત્તા પરથી હટાવવું જોઈએ જેથી ૭ ઓકટોબરના હુમલાનું પુનરાવર્તન ન થાય જેણે યુદ્ધને વેગ આપ્યો. વ્હાઈટ હાઉસના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવને સોમવારે જણાવ્યું હતું કે, ઈઝરાયેલની કામગીરી અંગે નિર્ણય લેવાનું બહુ જલ્દી હતું, પરંતુ આધુનિક સૈન્ય માટે અપેક્ષિત ભૂમિ દાવપેચના ચોક્કસ વિસ્તારોની ઓળખ કરવી અને લોકોને બહાર જવા માટે કહેવું અસામાન્ય હતું, જેમ કે ઈઝરાયેલે ખાન યુનિસમાં કર્યું છે આ તે પ્રકારના પગલા છે જે અમે તેમને હાથ ધરવા કહ્યું છે, તેમણે કહ્યું. આ તે વાતચીતો છે જે અમે દરરોજ કરી રહ્યા છીએ. ઓકટોબર ૭ના હુમલાથી યુએસએ ઈઝરાયેલને અવિશ્વસનીય સમર્થન આપવાનું વચન આપ્યું છે, જેમાં દેશને શસ્ત્રો અને અન્ય સહાય પૂરી પાડવાનો સમાવેશ થાય છે. ઉત્તરી ગાઝામાં હવાઈ હુમલાઓ અને જમીની હુમલાઓએ ગાઝા સિટી અને આસપાસના મોટા વિસ્તારોને કાટમાળથી ભરેલી ઉજજડ જમીનમાં ફેરવી દીધા છે. હુમલા દરમિયાન હજારો રહેવાસીઓ દક્ષિણ તરફ ભાગી ગયા હતા. હવે લગભગ ૨૦ લાખ લોકો પ્રદેશની મોટાભાગની વસ્તી દક્ષિણ અને મધ્ય ગાઝાના ૨૩૦ ચોરસ કિલોમીટર (૯૦ ચોરસ માઈલ)માં રહે છે. એસોસિએટેડ પ્રેસ દ્વારા મંગળવારે વહેલી સવારે વિશ્લેષણ કરાયેલ રવિવારના સેટેલાઈટ ફોટા, ખાન યુનિસના ઉત્તરે ૬ કિલોમીટર (૩.૭ માઈલ)ની નીચે લગભગ ૧૫૦ ઈઝરાયેલી ટેન્ક, સશસ્ત્ર કર્મચારી વાહકો અને અન્ય વાહનો દર્શાવે છે. ખાન યુનિસ ઉપર સતત બોમ્બમારોથી સોમવારે સાંજે નગર ઝણઝણી ઉઠ્યું હતું. ખાન યુનિસમાં પેલેસ્ટીનીઓ માટે મેડિકલ એઈડ જૂથ સાથે સહાયતા કાર્યકર મોહમ્મદ અગાલકુર્દીએ જણાવ્યુ હતું કે, છેલ્લા કેટલાક દિવસોમાં ઈઝરાયેલી હુમલા વિકરાળ ધોરણે કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, લોકો ભાગી જતાં પડોશ અને આશ્રયસ્થાનો ખાલી થઈ રહ્યા છે. ઈઝરાયેલી સૈન્ય દ્વારા છોડવામાં આવેલી પત્રિકાઓ લોકોને ઈજિપ્તની સરહદ તરફ દક્ષિણ તરફ જવાની ચેતવણી આપે છે, પરંતુ તેઓ ગાઝા છોડી શકતા નથી કારણ કે, ઈઝરાયેલ અને પડોશી ઈજિપ્ત બંનેએ કોઈપણ શરણાર્થીઓને સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. યુદ્ધ પહેલાં તે વિસ્તાર લગભગ ૧,૧૭,૦૦૦ લોકોનું ઘર હતું અને હવે તે ૫૦,૦૦૦થી વધુ લોકો ઉત્તરથી વિસ્થાપિત ૨૧ આશ્રયસ્થાનોમાં રહે છે યુએનએ જણાવ્યું હતું.

# ધારાસભ્ય તરીકે એક વર્ષ પુર્ણ કરનાર સંજયભાઈ કોરડીયાને શુભકામનાઓનો વરસાદ

## લોકોનાં પ્રશ્નોને જાણી અને ઉકેલની દિશા આપવામાં માહીર તેમજ લોકોની સમસ્યાઓનો ઉકેલ અને આપણું જૂનાગઢ, શ્રેષ્ઠ જૂનાગઢ બનાવવા ધારાસભ્યનો મક્કમ નિર્ધાર સાથે એક વર્ષની પ્રજા ભિમુખની આ રહી કામગીરી

જૂનાગઢ, તા. ૯

જૂનાગઢ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાની એક અખબારી યાદીમાં જણાવાયેલ છે કે,રાષ્ટ્રના કર્તવ્યનિષ્ઠ તથા વચનબધ્ધ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પાસેથી લોકહિત માટે કાર્યશીલતા, રાષ્ટ્રના કર્મવીર ગૃહમંત્રી અમિતભાઈ શાહ પાસેથી સક્રિયતા, રાષ્ટ્રીય ભાજપા સંગઠન અધ્યક્ષ નડ્ડા પાસેથી છેવાડાના માનવી સુધી સેવાબધ્ધતા, રાજયના સાદગીના પર્યાય સમા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પાસેથી વચનબધ્ધતા તથા પ્રદેશ ભાજપા પ્રમુખ પાટીલ પાસેથી સેવાઅગ્રતાના ગુણો અને સંકલ્પો જેવા સિધ્ધાંતો શીખી ભારતીય જનતા પક્ષ જેવા શ્રેષ્ઠ વટવૃક્ષ નીચે ધડતર પામી આજે ધારાસભ્ય પદ પર કામ કરી રહેલ સંજયભાઈ કોરડીયાએ પોતાના એક વર્ષ ના ધારાસભ્ય તરીકેના કાર્યકાળમાં 'વર્ષ એક - કામ અનેક'' શિર્ષક તળે પોતાનું વાર્ષકિ સરવૈયું રજુ કરતા જણાવેલ છે કે, તા.૮/૧૨/૨૦૨૨ના રોજ જૂનાગઢની જનતાએ પોતાનો પવિત્ર અને કિંમતીમત ભારતીય જનતા પાર્ટીને આપી જૂનાગઢના ધારાસભ્ય તરીકે સંજયભાઈ કોરડીયાને ચુંટી ગાંધીનગર ખાતે વિધાનસભામાં મોકલી આપેલ.

આ પદ મળતા વેંત જ ધારાસભ્ય કોરડીયાએ જણાવેલ કે આ પદ શોભાનું સોંપાન નહીં પણ વિશ્વાસની પુંજી સમજી આપના અમુલ્ય મતને હું કયારેય વિસરીશ નહીં પોતાની આ કહેલી વાતને આજે એક વર્ષ પુર્ણ થતા સાર્થક કરતા હોઈ તે રીતે ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયાએ ગત ૧ વર્ષમાં લોકપ્રશ્નોને નિવારવા માટે પ્રયાસો કર્યા છે, રજુઆતો માત્ર રજુઆત બની ન રહે પરંતુ આ રજુઆતોનું નિરાકરણ આવે તે માટે અલાયદી વ્યવસ્થા સાથે દર શુક્રવારે લોકસેવાના ભાગરૂપે દર શુક્રવારે ધારાસભ્યશ્રી કોરડીયા આજે પણ લોકદરબાર યોજી પોતાની ઓફીસે લોકપ્રશ્નોને સાંભળે છે અને સ્થળ પર જ લગત વિભાગને સુચના આપી લોકપ્રશ્નો નિવારે છે. જે અભિગમને જૂનાગઢની પ્રજાએ પણ આવકાર્યો છે અને આજેય પણ નિરંતર પણે લોકદબાર યોજાઈ રહયો છે.

સરકારશ્રી દ્વારા લોકપ્રશ્નો નિવારવા માટે સંકલનની બેઠક યોજાતી હોય છે જે અન્વયે જૂનાગઢ કલેકટર કચેરી તથા જૂનાગઢ મહાનગરપાલિકા કચેરીમાં આ બેઠકોમાં માત્ર વાતો કરી આ બેઠકો પુરી કરવાની પરંપરાને તોડી સંકલન બેઠકમાં ખુદ ધારાસભ્ય ધ્વારા લેખીતપ્રશ્નો રજુ કરવાની નવી પ્રથા ઉભી કરવામાં આવી અને લેખીત પ્રશ્નોના લેખીત જવાબ મળે તથા લેખીત જવાબો જે તે અરજદારોને પણ મળતા થાય તેવી સુગમ વ્યવસ્થા ઉભી કરનાર ધારાસભ્ય કોરડીયાને સર્વત્ર આવકાર મળ્યો છે. ગ્રામ્યકક્ષાના પ્રશ્નો, શહેર કક્ષાના પ્રશ્નો, અલગ અલગ રીતે સંકલનમાં પ્રસ્તુત કરી આશરે ૨૦૦ થી વધુ પ્રશ્નોનું નિવારણ લાવવામાં આવેલ છે તો ગાંધીનગર મુકામે શહેરના જટિલપ્રશ્નોને નિવારવા માટે શીર્ષ નેતૃત્વમાં રજુઆતો કરી છે આશરે ૪૦ થી વધુ વાર ગાંધીનગર મુકામે જઈ જૂનાગઢની સુખાકારી માટે વાત કરી છે. ''ત્યારે વર્ષ એક પરંતુ કામો અનેક'' ધણા કર્યા છે અને હજુ ધણા બધા કરવા છે તેમ જણાવેલ. વિશેષમાં આજથી એક વર્ષ પહેલાં આ જ દિવસે આપે આપનો અમૂલ્ય મત આપી ભારતીય જનતા પાર્ટી અને મારા પર શ્રધ્ધા રોપી હતી. તમારો એ ભરોસો મારી મૂડી છે. સેવા એ મારૂં કર્તવ્ય છે અને વિકાસ એ મારૂં કર્મ. આભારી છું

ગત એક વર્ષ પહેલા યોજાયેલ વિધાનસભાની ચૂંટણી મા ભારતીય જનતા પાર્ટીનો જવલન્ત વિજય થયેલ અને સમગ્ર ગુજરાતે ભારતીય જનતા પાર્ટી પર પુનઃ વિશ્વાસ મૂકેલ અને સતાદોર સોપેલ. રાષ્ટ્રના પનોતા પુત્ર અને પ્રજા વત્સલ પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી, રાષ્ટ્રના ગૃહમંત્રી અને ચાણકય રાજનીતિજ્ઞ એવા અમિતભાઈ શાહ અને સાદગી અને સેવાના પર્યાય સમાન રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કાર્યકરોમાં જુસ્સો અને જોમ ભરનારા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલના પ્રયાસોથી સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી નુ શાસન આવેલ અને જૂનાગઢની સીટમાં પણ ભારતીય જનતા પાર્ટીના કમળ નિશાનને પ્રજાએ સર્વાનુંમતે સત્તા સોંપેલ છે.

ચૂંટણીમાં વચન આપ્યા મુજબ બીજા દિવસથી જ લોકો માટે ઝાંઝરડા જનકપુરી શોપિંગ સેન્ટર, પહેલા માળે કાર્યાલયની શુભ શરૂઆત કરેલ. ધારાસભ્યને મળતા પગારમાંથી આર્થિક પરિસ્થિતી નબળી ધરાવતા પરિવારની દિકરીઓને ભણતર માટેની એજ્યુકેશન વ્યવસ્થામા રાહત, સ્ટેશનરી દ્વારા સન્માનિતનો નવતર પ્રયોગથી અંદાજે ૨૫ લાખ જેટલી સ્ટેશનરી વિધાનસભા વિસ્તારની સરકારી સ્કૂલોમાં અભ્યાસ કરતા ગરીબ પરિવારના બાળકોને કેન્દ્રિય મંત્રીશ્રી ભાગવત કરાડેના હસ્તે વિનામુલ્યે વિતરણ, સરકારી ગર્લ્સ હાઈસ્કૂલની હેરિટેજ બિલ્ડિંગના નવીનીકરણની શરૂઆત, લોકસેવા માટે દર શુક્રવારે લોકદરબારની શરૂઆત કરી અવિરત ચાલુ રાખી લોકોની સમસ્યાઓ હલ કરવાનો પ્રયાસ, સિવિલ હોસ્પિટલમાં ગરીબ લોકોને સરળ અને સુદ્રઢ વ્યવસ્થા મળી રહે તે માટે અવારનવાર મુલાકાત તેમજ દર્દીઓને સમયસર અને સારી સુવિધા મળી રહે તેવી સુચારૂં વ્યવસ્થાનું આયોજન, સરકારમાં રજૂઆત કરીને જૂનાગઢને એગ્રો બેઈઝ જીઆઈડીસીની ભેટ અપાવવામાં મહત્વની સફળતા, જૂનાગઢ હાઉસિંગ બોર્ડના ૩૯૬ રહીશોની પેનલ્ટી માફ કરાવવા અંગે સરકારશ્રીમાં સફળ રજૂઆત, મુખ્યમંત્રી રાહત ફંડમાંથી અનેક ગરીબ દર્દીઓને વૈધકીય સહાય મળે તે માટે મુખ્યમંત્રીશ્રીને ભલામણ કરવામાં આવી તે પૈકી સાડા સાત લાખ જેટલી રકમ મંજૂર કરાઈ, ધારાસભ્ય દ્વારા પોતાના મતવિસ્તાર સિવાયના પણ આવતા લોકોની સમસ્યાઓ સાંભળીને પ્રશ્નોનો વ્યવસ્થિત રીતે સોલ્યુશન લેવાના પ્રયાસો, સંબંધિત વિભાગમાં રજૂઆત કરીને મોતીબાગ અને ટીંબાવાડી વિસ્તારના કાયમી થતાં વીજ ફોલ્ટની સમસ્યા દૂર કરવાની અને ૬૬ કે.વી.ની કામની મંજૂરી અપાવી ખાતમુહૂર્ત, ધારાસભ્ય દ્વારા પોતાના મતવિસ્તારના ગ્રામ્ય તથા શહેરી કક્ષાએ સરકારી કાર્ડના કેમ્પો યોજવામાં આવ્યા અને સ્થળ પર જ કાર્ડ વિતરણની કાર્યવાહી કરવામાં આવી. જેમાં અનેક લોકો લાભાન્વિત થયા. ગુજરાત રાજ્યના વાહન વ્યવહાર મંત્રી હર્ષભાઈ સંઘવીને અંગત ધ્યાન દોરીને ધારાસભ્યએ જૂનાગઢથી રાજકોટ અને રાજકોટ થી જૂનાગઢ દર એક કલાકે ઈલેક્ટ્રિક વોલ્વો એસી બસ શરૂ કરાવેલ જેમાં દરરોજની ૧૬ ટ્રીપ ઓપન ડાઉન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલી છે અને તમામ બસો નોન સ્ટોપ બસ છે અને ઓનલાઈન બૂકિંગ સુવિધા ઉપલબ્ધ થયેલ છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં રાજકોટથી જુનાગઢ અને જુનાગઢ થી રાજકોટ ચાલતી વોલ્વો એસટી બસને સૌથી વધુ ટ્રાફિક મળેલ છે. જૂનાગઢ શહેરના પ્રવાસીઓની રજૂઆત સાંભળીને જૂનાગઢથી એસ ટી ની ૧૮ નવી બસો શરૂ કરવામાં આવી જેમ કે જૂનાગઢથી સોમનાથ બે ઈલેક્ટ્રીક બસ, જુનાગઢ થી સુરત ૨ સ્લીપર કોચ, જુનાગઢથી રાજપીપળા બે સ્લીપર કોચ, જૂનાગઢ થી સંતરામપુર બે સ્લીપર કોચ, જૂનાગઢથી અમદાવાદ ૧ વોલ્વો કોચ, જૂનાગઢથી જખોબંદર બે સ્લીપર કોચ, જખૌબંદર બે સ્લીપર કોચ, જૂનાગઢથી કેશોદ તાલુકાનાં મઢડા ૧ મીની બસ, જૂનાગઢથી માણેકવાડા ૧ મીની બસ, જૂનાગઢ થી રાજકોટ ૧ મીની બસ, જૂનાગઢથી જામનગર બે લકઝરી બસ, જૂનાગઢથી પાલનપુર ૧લક્ઝરી બસની સુવિધા ઉપલબ્ધ છે.

મહાનગરપાલિકાની મિલકતોના ભાડામાં ભાડુંઆત ટ્રાન્સફર થાય ત્યારે ૧૦ ટકા ભાડા વધારો કરવાની જોગવાઈ હતી. તેમજ નિયમવિરુદ્ધ ભાડા વધારો કરવામાં આવેલ જે બાબતે એસોસિએશન દ્વારા રજૂઆત મળતા આ પ્રશ્નનો યોગ્ય નિકાલ આવેલ.

ગ્રામ્ય કક્ષાએ ગામ નમુના નંબર ૨ ની નોંધણી પંચાયત અને રેવેન્યૂ તલાટી વચ્ચે કોણે કામગીરી કરવી તે અંગે ઘણા સમયથી સંબંધિત કચેરીઓમાં અટકેલી હતી જે બાબતે કલેકટરમાં રજૂઆત કરી નોંધણી ફરીથી શરૂ કરવામા આવી ઈ જુનાગઢ નરસિંહ મેહતા યુનિ. ખાતે રૂા. ૧૫ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય કક્ષાનું નરસિંહ મહેતા સંશોધન કેન્દ્ર નિર્માણ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા મંજૂરી અપાઈ.

ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં વર્ષોથી ચાલતી પ્રોત્સાહિત ઈનામની રકમમાં વધારો કરવાની સરકારમાં રજૂઆત કરીને રાજ્ય કક્ષાએ ૭૦૦૦ ના ૫૦,૦૦૦ તથા રાષ્ટ્રીય કક્ષાએ ૫૦,૦૦૦ ના ૧,૦૦,૦૦૦ મંજૂરી માં સફળતા. સ્કૂલ લ કોલેજ અને ટ્યુશન માં જતી દીકરીઓને કોઈ પરેશાન કે છેડતી કરે ત્યારે વિના સંકોચે જાણ કરી શકે તે માટે ફોન નંબર જાહેર કરી તેના પર સંપર્ક કરવા જણાવ્યુ તથા જુનાગઢ શહેરમાથી રોમિયોગીરી નાબૂદ. ૬૫ વર્ષથી વધુ વય ધરાવતા સિનિયર સીટીઝનોને ઘરેબેઠા પ્રાથમિક મેડિકલ સારવાર લ લેબોરેટરી ટેસ્ટિંગ અને દવાઓ મળી રહે તે માટે શ્રવણ કુમાર યોજના શરૂ. એક વર્ષ દરમિયાન અંદાજ ૨૦૧૫ મુલાકાતીઓએ મુલાકાત લઈ સમસ્યાની કરી રજૂઆત. એક વર્ષ ચાલે એટલું પાણી સંગ્રહ કરી શકાય તેવી કબૂતરી ખાણ ચેકડેમ બનાવી, ૧૫૦૦ થી વધુ લોકોની પાણીની જરૂરિયાત સંતોષી શકાય તેવી યોજના શરૂ કરાવી કામ થયું પૂર્ણ. અન્ય રાજયમાં હોવા છતાં વરસાદના લીધે થયેલ નુકસાન બાબતે ખેડૂતો સાથે ઓનલાઈન મીટીંગ કરી મદદ માટે સમીક્ષા બેઠક કરી સમસ્યા જાણી આપાયું માર્ગદર્શન ઈ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ અંગત રસ લઈને પોતાના મત વિસ્તારમાં શ્રમ કાર્ડના કેમ્પનું આયોજન કર્યું જેમાં ૨.૮૨લાખ ઈ શ્રમ કાર્ડ માટે રજીસ્ટ્રેશન થયું તથા ૨૦૦થી વધુ લોકોને અપાયા કાર્ડ. ગિરનાર ડેવલોપમેન્ટ પ્રોજેક્ટની ડિઝાઈન તૈયાર કરી સરકારશ્રીના પ્રવાસન વિભાગમાં રજૂઆત કરી અને ગિરનાર પ્રોજેક્ટ માટે સરકાર દ્વારા ૧૧૪ કરોડ રૂપિયા મંજૂર. ૮૬ જૂનાગઢના ૧૫ ગામોને રિચાર્જ બોરની ભેટ VYO સંસ્થા સાથે મળીને ધારાસભ્ય દ્વારા નદી નાળા સહિત તળાવમાં ૪૦૦ ફૂટના રિચાર્જ બોર કરાવવામાં આવ્યા. વાવાઝોડામાં દિવસ રાત જોયા વગર પ્રભાવિત વિસ્તારમાં ધારાસભ્ય કોરડીયા સતત પ્રજા સાથે રહયા.

જૂનાગઢ કોર્પોરેશનની રેસક્યુ બોટ ગીર સોમનાથ જિલ્લાને થોડા સમય માટે વાપરવા આપેલી જે ૧૩ વર્ષ સુધી પરત ન આવતા આ બોટ ધારાસભ્યશ્રી દ્વારા પરત મેળવીને કોર્પોરેશનને કરી પરત ઈ ધોરણ૧૦ તેમજ ધોરણ ૧૨ પછી કોમર્સ આર્ટસ અને સાયન્સ ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન મળી રહે તે માટે માર્ગદર્શક વિશેષાંક પુસ્તક ધારાસભ્ય દ્વારા કાર્યાલય ખાતે વિનામૂલ્યે વિદ્યાર્થીઓને અર્પણ કરાયા. જૂનાગઢ મેડિકલ કોલેજ જી.એમ.ઈ.આર.એસ માં જે ફી વધારો કરવામાં આવ્યો હતો તે પરત ખેંચવા માન આરોગ્ય મંત્રી તથા મુખ્યમંત્રીને રજૂઆત કરતાં ફી વધારો પરત ખેંચાયો. જૂનાગઢની આર એસ કાલરીયા પ્રાઈમરિ સ્કૂલમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૩ માં જન્મદિવસ નિમિત્તે સમર્પણ સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં રક્તદાન કેમ્પ તથા જાતિ પ્રમાણપત્ર, નોન ક્રિમિલિયર પ્રમાણપત્ર, આવકનો દાખલો, સિનિયર સિટીઝન પ્રમાણપત્ર, નિરાધાર વૃદ્ધ સહાય, ગંગાસ્વરૂપ આર્થિક સહાય યોજના, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, રાશનકાર્ડમાં નામ દાખલ -નામ કમી તથા સુધારો વધારો, ઈન્કમ કાર્ડ, ગ્રે કાર્ડ, હકક પત્ર, વારસાઈ નોંધ, વગેરે અરજીઓ સ્વીકારવામાં આવી તથા પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ, હેલ્થ વેલનેસ કાર્ડ, ડાયાબિટીસ, બીપી ચકાસણી, જન્મ - મરણ, લગ્ન નોંધણી પ્રમાણપત્ર, કસ્તુરબા પોષણ સહાય યોજના, આધાર કાર્ડ, જાતિ અંગેના દાખલા જેવી પ્રાથમિક સેવાઓ એક જ દિવસમાં મળી રહે તથા લેબોરેટરી ટેસ્ટિંગ અને દવાઓ ફ્રી માં ઉપલબ્ધ કરાવાયા, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે રૂપિયા ૭૨ કરોડના ખર્ચે નવનિર્મિત પ્રજાલક્ષી ઉપરકોટ કિલ્લાની જૂનાગઢની જનતા તેમજ વિશ્વમાંથી આવતા પ્રવાસીઓને ભેટ. ઉપરકોટની મુલાકાત લેતા જૂનાગઢનાં સ્થાનિક લોકોને ટિકિટ દરમાં ૫૦ ટકા રાહત મળે તથા વિદ્યાર્થીઓને ૨૫ ટકા રાહત મળે તે માટે સફળ રજૂઆત. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વછ ભારત અભિયાન અંતર્ગત રોપવેથી જટાશંકર સુધીના માર્ગમાં જાવિયા સ્કૂલના વિદ્યાર્થીઓને તથા વન ખાતાને સાથે રાખી સફાઈ અભિયાન હાથ ધરાયું મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢ મહાનગરના તમામ વોર્ડ વિસ્તારોમાં ફરીને લોકો પાસેથી માટી અને ચોખા લઈ દેશ પ્રેમની ભાવના સાથે આપણા વિસ્તારની પણ માટી અમૃતવન દિલ્હી સુધી પહોંચાડી. સિવિલ હોસ્પિટલમાં જરૂરી સાધન સામગ્રી માટેની રજૂઆત જેમાં એમઆરઆઈ મશીન, મેટરનિટી એમ્બ્યુલન્સ, બ્લડ ડોનર વાન તથા આઈસીયુ એમ્બ્યુલન્સ, રેડીયોલોજી ડિપાર્ટમેન્ટમાં એમઓયુ મશીનની માંગણી બાબતે ગાંધીનગર આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલને રજૂઆત. જૂનાગઢ સ્પોર્ટ કોમ્પ્લેક્સમાં હોસ્ટેલ રીપેરીંગની રીનોવેશનની કામગીરી હાથ ધરાઈ. નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા ૫૦ જેટલા દર્દીઓની સિવિલ હોસ્પિટલને ભલામણ કરી ધારાસભ્ય દ્વારા વિનામૂલ્યે ઉપચાર અને ઓપરેશન. પ્રધાનમંત્રીની પેપરલેસ કામગીરીની પહેલ અંતર્ગત જૂનાગઢ સ્થાનિક કક્ષાએ બધા જ પત્રવ્યવહાર પેપરલેસ કરવામાં આવે તેવી જૂનાગઢના શાખા અધિકારીઓને સૂચના આપી તેમજ ધારાસભ્ય કાર્યાલયમાંથી પણ અમલવારી શરૂ કરાઈ.


પાસપોર્ટ ઓફિસ અમદાવાદમાં ખૂબ મોટા પ્રમાણમાં વેઈટિંગ હોય વિદ્યાર્થી તથા પ્રવાસીઓના પાસપોર્ટ લેટ આવતા હોવાથી તે બાબતે અસંખ્ય ભલામણ કરી લોકોને પાસપોર્ટ સમયસર અપાવ્યા. ગિરનાર પર્વત પર અંબાજી મંદિર સુધી ૧૧ કેવીની વીજ લાઈન નાખવા માટે ૭.૯૧ કરોડના પ્રોજેક્ટને રાજય સરકરે મંજૂરી આપતા સાધુસંતો, અધિકારીઓ અને આગેવાનોની હાજરીમાં શરૂ.

જૂનાગઢમાં જૂની લાઈબ્રેરીનું આધુનિકરણ માટે રિનોવેશન કરી સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ માટે કરી વ્યવસ્થા, જૂનાગઢ શહેરમાં ઐતિહાસિક હેરિટેજ બિલ્ડીંગોની જાળવણી થાય અને ઐતિહાસિક મહત્વ જળવાઈ રહે તે માટે સરકારના સંબંધિત વિભાગમાં સફળ રજૂઆત, જૂનાગઢ બાયપાસ ઉપરથી ત્રણ રેલ્વે ક્રોસિંગ આવે છે જેથી ખુબજ ટ્રાફિકની સમસ્યા થાય છે જેથી સાબલપુર- ધોરાજી રોડ રેલવે ક્રોસિંગ ઓવરબ્રિજ, ચોબારી રેલ્વે ક્રોસિંગ ઓવર બ્રિજ, ઝાંઝરડા ચોકડી ઓવર બ્રિજ, ખામધ્રોલ ચોકડી ઓવર બ્રિજ બનાવવાની સરકારમાં રજૂઆત. વિવિધ વિભાગોમાં ઘટતા સ્ટાફની નિમણૂંક કરવા માટે સરકારશ્રીમાં રજૂઆત, બાયપાસની ઘણા સમયથી કામગીરી ઢીલી ચાલતી હતી ત્યારે કામમાં ઝડપ લાવવા અને તાત્કાલિક પૂર્ણ કરવા કેન્દ્ર સરકારમાં રજૂઆત કરાઈ અને કામમાં ગતિ લાવવામાં આવી જેના કારણે હવે આ કામ તા. ૩૧-૧૨-૨૩ સુધીમાં પૂર્ણ થશે અને બાયપાસ નિયમિત થશે શરૂ. રાજકોટ સ્ટેશન પર પડી રહેતી અમુક ટ્રેનો સોમનાથ સુધી લંબાવવા અને જૂનાગઢ સ્ટોપ અપાવવા રેલ્વે મંત્રાલયને રજૂઆત, દેશની ચારેય દિશાઓને જોડતી ટ્રેનો શરૂ કરવા અને ઈલેક્ટ્રીક ટ્રેનનું કામ પુરૂં થાય પછી અમદાવાદ અને સુરત વંદે ભારત સાથે જોડવા માટેની કેન્દ્રિય રેલવે મંત્રી રજૂઆત, સરગવાડા ગામ નજીક ફેક્ટરીઓના માલિકો દ્વારા ગાડીઓ અને ટ્રકને પસાર થવા માટે ફાટક પાસે હાઈરાઈઝ પોલ નાખવાની રજૂઆતને દયાને લઈ ભાવનગર રેલ્વે ડિવિસનને ધારાસભ્ય દ્વારા રજૂઆત, જૂનાગઢમાં એરપોર્ટ કક્ષાનું બસ સ્ટેશન બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા વાહનવ્યવહાર મંત્રી હર્ષભાઈ સંઘવીને રજૂઆત, પ્રધાનમંત્રીની આયુષ્યમાન યોજના હેઠળ જે સારવાર થઈ રહી છે તેમાં ઝેરી જંતુઓના દંશની સારવારનો આયુષ્માન કાર્ડમાં સમાવેશ ન હોઈ સમાવેશ કરવા આરોગ્યમંત્રી તથા મુખ્યમંત્રીને રજૂઆત, શહેરના વિસ્તાર પ્રમાણે જૂનાગઢમાં એક જ ફાયર સ્ટેશન અપૂરતું હોઈ આ શહેરને વધુ ત્રણ ફાયર સ્ટેશન મળે તે માટે રજૂઆત, જૂનાગઢ સ્પોર્ટ સંકુલનું બાકી રહેલું અધુરૂં કામ તાત્કાલિક શરૂ થાય તે માટેની રજૂઆત, જૂનાગઢ શહેરી વિસ્તારમાં અશાંત ધારો લાગુ કરવા બાબત ગૃહમંત્રી તથા . મુખ્યમંત્રીશ્રીને રજૂઆત, નેશનલ હાઈવે ઓથોરિટી સાથે પરામર્શ કરી ખેડૂતના ખેતરોના રોડની બંને સાઈડ વરસાદ પાણીનો કાયમી ધોરણે નિકાલ થાય તેવી વ્યવસ્થા કરાવેલ અને બાકી રહેલ કામ પૂર્ણ કરવા સૂચના, માર્ગ મકાન વિભાગ દ્વારા મંજૂર થયેલા ૨૦ કામો ગોકળગાય તરીકે ચાલતા હતા તેને સમયસર પૂર્ણ કરવા સરકારશ્રી અને જિલ્લા વહીવટી તંત્રમાં રજૂઆત અને હકારાત્મક કામગીરી શરૂ. વર્ષ ૨૦૧૯/૨૦ ના ગેરંટી પિરિયડના રસ્તાઓને તાત્કાલિક રીપેર કરવા સરકારમાં અને જિલ્લા વહીવટી તંત્રમાંરજૂઆત કરવામાં આવી અને રિપેરિંગ કામ શરૂ. મજેવડી ગામને અલગ પીજીવીસીએલ ફીડર આપવા સરકારમાં રજૂઆત.

ધારાસભ્ય દ્વારા પોતાના મતવિસ્તારના ૧૭ ગામો તથા શહેરી વિસ્તારમાં મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીના સહયોગથી વ્યક્તિગતલક્ષી વિવિધ કાર્ડ જેવાકે પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, શ્રમ કાર્ડ જેવા કાર્ડ મતવિસ્તારના લોકોને સરળતાથી મળી રહે તે માટે અને તેમાં સુધારા વધારા કરવા માટે ઘણા કેમ્પ કરવામાં આવ્યા જેમાં અનેક લોકોએ કેમ્પનો લાભ લીધેલ. મજેવડી-પત્રાપસર સિંચાઈ કેનાલનું જૂનું અધુરૂં કામ પૂર્ણ કરવા કામગીરી હાથ ધરાઈ, ગ્રામ્ય કક્ષાની પ્રાથમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ પૂર્વે વાડી વિસ્તારમાં રહેતા તેમજ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરાવતા બાળકોના વાલીઓનો સંપર્ક કરી સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો શિક્ષણ મેળવે તે માટે પ્રયાસ અને અવાર નવાર શાળાઓની મુલાકાત, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પ્રથમ વખત ગ્રામ્ય કક્ષાએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહકારથી ૮૬ વિધાનસભા મતવિસ્તારના સત્તર ગામોમાં ઘન કચરાના નિકાલ માટે ડોર ટુ ડોર કલેક્શન માટે વ્યવસ્થા. વિધાનસભાના શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ પ્રધાનમંત્રી દિનદયાલ ગ્રાહક ભંડાર યોજના અંતર્ગત દરેક ગામે દુકાનદાર દ્વારા નિયમ અનુસાર જ અનાજની ફાળવણી નિયમિત રીતે કરવામાં આવે તેવી વ્યવસ્થા અને પુરવઠા વિતરણ અંગેની ફરિયાદોના યોગ્ય નિકાલ, ઈવનગર ગામે ૧૭ અરજદારોને કબજા હકકો આપવામાં આવેલ નથી તથા પ્લોટ ફાળવવામાં આવેલ નથી, ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર કરી લાભાર્થીઓને પ્લોટ ફાળવવા માટે ફરિયાદ સંકલનમાં રજૂઆત, જમીન સંપાદનની અને એવોર્ડ ની કામગીરી માટે મેહસૂલ વિભાગ ગાંધીનગર ને રજૂઆત, વિધાનસભા વિસ્તારની પ્રાથમિક શાળાની મુલાકાત લઈ સ્કૂલના રૂમની રીનોવેશનની તથા ટોયલેટ અને પીવાના પાણી અને સ્વચ્છતા અંગે ખૂટતી સુવિધા ઉભી કરવા પ્રયત્ન, પીઈએચ.સી. અને સી.એસ.સી સેન્ટરની મુલાકાત લઈ આરોગ્ય સેવાની કામગીરી સમયસર થાય તેવા પ્રયત્નો હાથ ધરાયા, જૂનાગઢ જિલ્લા પંચાયત આરોગ્ય શાખા તેમજ પશુપાલન શાખા અને ખેતીવાડી શાખા દ્વારા ગ્રામ વિકાસ દ્વારા યોજાયેલા કેમ્પ અને શિબિરોમાં સહભાગી થયા અને ખેડૂતો સાથે સરકારી યોજનાની કરી ગોષ્ઠી, ગ્રામ્ય વિસ્તારમાં રૂપાવટી, વધાવી, પતરાપસર, આંબલીયા, મજેવડી ગામે માંગણી મુજબ એસટી બસ શરૂ કરાઈ, રૂપાવટી અને પ્લસવા ગામે મનરેગા યોજના હેઠળ આંગણવાડીનું કામ તાત્કાલિક થયું પૂર્ણ, વધાવી ખલીલપુર રોડ ઉપર પૂર સંરક્ષણ દિવાલનું કામ ૧૦૦ મીટર જેટલું ઓછું હતું જે સ્થાનિક ગ્રામ આગેવાનોની રજૂઆત મળતા રજૂઆત ધ્યાને લઈ કામ પ્રગતિના પંથે, બે ગામને જોડતા અને તાલુકાને જોડતા રસ્તાની બંને સાઈડે ફોરેસ્ટ વિભાગ અને પી.જી.વી.સી.એલ. અને માર્ગ મકાન વિભાગ સાથે સંકલન કરીને ચોમાસા બાદ તુરંત જંગલ કટીંગ કરીને રોડ કરાયા ખુલ્લા, વિધાનસભા વિસ્તારમાં બાકી રહેતા તમામ ગામોમાં મહી અને નર્મદા યોજનાનું પાણી ઘર ઘર સુધી પહોંચાડવાનું આયોજન, ઊબેણ નદીમાં કેમિકલ યુક્ત પાણીને કારણે ચામડીના રોગો, ખેતીની જમીનની ફળદ્રુપતામાં ઘટાડો અને વાયુ પ્રદૂષણ થવાની વર્ષો જૂની રજૂઆત અંગે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્ર સાથે સંકલન કરીને કાયમી ધોરણે નિકાલ ના પ્રયત્નો, જૂનાગઢ વિધાનસભા વિસ્તારના ૧૭ ગામોમાં એક વર્ષ દરમિયાન ગ્રામ વિકાસ શાખા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના-૨૦૨૩ અંતર્ગત ૮૨ જેટલા લાભાર્થીઓને આવાસ માટેની મંજૂરી તે પૈકી ૨૫ લાભાર્થીઓના આવાસોના કામ પૂર્ણ કરાયા છે.

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત વિધાનસભા વિસ્તારના ૧૭ ગામોમાં ૧ જુથ દીઠ ૧,૫૦,૦૦૦ રૂપિયા મુજબ ૧૦ સ્વસહાય જુથને કુલ પંદર લાખ રૂપિયાની સંબંધિત બેંક દ્વારા સીસી લોન અપાઈ. મિશન મંગલમ દ્વારા ૧૨ નવા જૂથની રચના કરવામાં આવી અને ૧ જૂથને ૨૦,૦૦૦ થી ૩૦,૦૦૦ રૂપિયા સુધીની રિવોલિંગ ફંડ (RF) દ્વારા ફંડ આપવામાં આવેલ અને જરૂરિયાત મુજબ જૂથોને તાલીમ, ગ્રામીણ કુટુંબના પુખ્ત સભ્યો જેમને રોજગારની જરૂર હોય અને જેઓ બિનકુશળ શ્રમ કરવા માગતા હોય તેવા લોકો માટે સરકાર તરફથી મનરેગા યોજના શરૂ કરવામાં આવેલ જે અંતર્ગત વિધાનસભા વિસ્તારના ૧૭ ગામોમાં ૧ વર્ષ દરમિયાન ૮૬૪૦ કુલ માનવ દિવસો કામ અપાયું જેના અનુસંધાને ૨૪.૪૨ લાખ રૂપિયાના કામની ફાળવણી જેના અનુસંધાને ૨૨.૪૦ રૂપિયાની વેતન રોજગારી ફાળવી.

વિધાનસભા વિસ્તારના ૧૭ ગામોમાં ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ઘન કચરાના નિકાલ માટે આધુનિક કોમ્યુનિટિ સોકપિટ ૪૯, વ્યક્તિગત કંપોસ્ટ પીટ ૨૮, સામૂહિક શૌચાલય ૪ નું નિર્માણ,




વિધાનસભા મતવિસ્તારના ૧૭ ગામના ૧૦૫ થી વધુ પ્રશ્નોનું નિરાકરણઈ વિધાનસભા વિસ્તારના રજિસ્ટર્ડ ગૌશાળા અને પાંજરાપોળ ખાતે નિભાવવામાં આવતા પશુઓને ગૌમાતા પોષણ યોજના અંતર્ગત સહાય ચૂકવણીની કામગીરી, જૂનાગઢ તાલુકાના ૨૦૨૩-૨૪ ના વર્ષમાં ધારાસભ્ય દ્વારા ૫ ટકા પ્રોત્સાહન યોજનાની ગ્રાન્ટ માંથી ૧૫ લાખ જેટલા કામો મંજૂર કરવામાં આવ્યા જેમાં ૭.૫૦ લાખ રૂપિયા ધારાસભ્ય દ્વારા ફાળવણી, ધારાસભ્યની ગ્રાન્ટમાંથી મનપા વિસ્તારમાં ૭૦:૨૦:૧૦ (લોકભાગીદારીના કામો)માં ધારાસભ્યશ્રીના ફંડ માથી ૨૦% ગ્રાન્ટ જુદા જુદા વોર્ડમાં કુલ ૫૬.૩૩ રૂપિયા લાખના કામો સૂચવેલ. આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો (એટિવિટી) યોજના અંતર્ગત ચાલુ વર્ષ દરમિયાન દરેક ગામોને સરખી ગ્રાન્ટ મળે તે માટે દરેક ગામને ૨ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવાનો નર્ણય કરવામાં આવ્યો (જુનાગઢ ૮૬ વિધાનસભા વિસ્તારમાં ૩૪ લાખ રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી ). વર્ષ ૨૦૨૩-૨૪ માં ૧૫ % વિવેકાધીન ગ્રાન્ટના આયોજનમાં માખીયાળા, ગલિયાવાડ, વધાવી, રૂપાવટી , ગોલાધર અને વાણદિયા ગામને કુલ ૨૫ લાખ રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી, જૂનાગઢ જિલ્લા માર્ગ મકાન વિભાગ હસ્તક નીચેના કામોના જોબ નંબર આપેલ છે. ગોલાધર-ઉદકીયા રોડ ૧.૬૦ કિમી લંબાઈ (મેટલિંગ , રિસાર્ફેસિંગ, સીસી રોડ તથા પ્રોટેક્ષન વોલ) ૭૫ લાખ રૂપિયા મંજૂર, ઝાલણસાર-પરબડી રોડ ૧.૫ કિમી (મેટલિંગ , રિસાર્ફેસિંગ , સીસી રોડ) ૪૦ લાખ મંજૂર, નેશનલ હાઈવેથી ખલીલપુર રોડ ૫૦ લાખ મંજૂર થયેલ છે.

જૂનાગઢ વિસ્તારના નીચે મુજબના રસ્તાની દરખાસ્ત અધિક ઈજનેરશ્રી માર્ગ મકાન વિભાગ રાજકોટ દ્વારા સરકારમાં રજૂ કરવામાં આવ્યા. જેમાં વાણાંદીયા થી જમનાવાડ તરફનો રોડ ૨ કિમી (નોનપ્લાન) ૧૪૫ લાખ રૂપિયા, ગોલાધરથી મોટીમારડ તરફનો રોડ ૪.૩ કિમી સીસી રોડ ૩૨૦ લાખ રૂપિયા , તાલિયાધારથી કોયલી તરફનો રોડ સીસી રોડ પ્રોટેક્શન વોલ- ૨૦૦ લાખ રૂપિયા, મજેવડીથી વાલાસીમડી રોડ તરફનો રોડ- રિસર્ફેસિંગ સીસી રોડ -૮૦ લાખ રૂપિયા, આંબલિયાથી વાડોદર રોડ તરફનો રોડ - મેટલિંગ રિસર્ફેસિંગ, સીસી રોડ ૭૦ લાખ રૂપિયા.

જુનાગઢ મત વિસ્તારના બે ગામને જોડતા ૧૪ રસ્તાના કામ બાબત મુખ્યમંત્રીને રજૂઆત, મજેવડીથી ભાદાજાળીયા અંદાજેથી ૧૦ કિલોમીટર લંબાઈ રૂપિયા ૬૫૦ લાખ, વધાવીથી મજેવડી મેજર બ્રિજ સાથે અંદાજિત ૪.૫૦ કિમી લંબાઈ રૂપિયા ૯૦૦ લાખ, ઈવનગરથી ધણફુંલિયા ગામને જોડતો નોન પ્લાન રસ્તો અંદાજિત ૪.૫૦ કિમી લંબાઈ ૫ કિમી રૂપિયા૩૦૦ લાખ.

ગ્રામ્ય વિધાનસભા વિસ્તારના બે ગામોને જોડતા સાત જેટલા નોન પ્લાન રસ્તાની સરકારશ્રીમાં દરખાસ્ત. ગોલાધર ઉદકિયા બોક્સ કન્વર્ટ નાણાપુલિયાનું કામ હાથ ધરાવવામાં આવેલ, સુજલામ સુફલામ યોજના અંતર્ગત જૂનાગઢના ૮૬ વિધાનસભા વિસ્તારના ગામોમાં તળાવ ઊંડા કરવાની કામગીરી હાથ ધરાઈ , કેનાલ રિલેટેડ કામ – ૧ લાખ, સુજલામ સુફલામ જળ યોજના – ૧૩.૫૦ લાખ, ચેકડેમના બાંધકામ બાબતે – ૬.૧૫ લાખ, ટોટલ ૨૦.૬૫ લાખ રૂપિયાના કામ પૂર્ણ થયા છે. ધારાસભ્યની રજૂઆત ધ્યાને લઈ પાણી પુરવઠા વિભાગ દ્વારા સત્તર ગામોમાં પૂરતા પ્રેસરથી પાણી મળે મળી રહે તે માટે વધારાના પાંચ સંપ હેડ બનાવીને જરૂરિયાત મુજબ ગામોમાં પીવાના પાણી માટે સ્ટોરેજ સંપ બનાવવાના કામ હાલ પ્રગતિમાં છે. ૮૬ જૂનાગઢ મતવિસ્તારના આંબલીયા, પત્રાપસર, ખલીલપુર, રૂપાવટી, વણાંદીયા, ગોલાધર, વાલાસીમડી, વધાવી, ઝાલણસર, માખીયાળા, મજેવડી,ગલિયાવાડ, વિરપુર, તાલિયાધર, ગામમાં વડાપ્રધાન દ્વારા કરાવવામાં આવેલ નલ સે જલ કાર્યક્રમ હેઠળ ૩૮.૨૭ કરોડ રૂપિયાની વહીવટી મંજૂરી આપાવ્યા બાદ માથાદીઠ ૧૦૦ લિટર પાણી મળે તે માટે માખીયાળા ગામથી ખાતમુહુર્ત કરાવીને સદર કામગીરીનો શુભારંભ થયેલ છે. ૮૬ વિધાન સભા વિસ્તારમાં મકાન અને માર્ગ વિભાગમાંથી ૧૭ ગામો પૈકી ૧૩ ગામોમાં ૧ ગામથી બીજા ગામને જોડતા રૂપિયા ૧૦૫૭.૩૨ લાખના રસ્તાઓ(પ્લાન – નોનપ્લાન) મંજૂર કરાયા છે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત ૮૬ વિધાનસભા વિસ્તારના ૧૭ ગામોમાં ૧ જુથ દીઠ ૧,૫૦,૦૦૦ રૂપિયા મુજબ ૧૦ સ્વસહાય જુથને કુલ પંદર લાખ રૂપિયાની સંબંધિત બેંક દ્વારા લોન, મિશન મંગલમ દ્વારાં ૧૨ નવા જૂથની રચના કરવામાં આવી અને ૧ જૂથને ૨૦,૦૦૦ થી ૩૦,૦૦૦ રૂપિયા સુધીની રિવોલિંગ ફંડ દ્વારા ફંડ અપાયું અને જરૂરિયાત મુજબ જૂથોને તાલીમ, ગ્રામીણ કુટુંબના પુખ્ત સભ્યો જેમને રોજગારની જરૂર હોય અને જેઓ બિનકુશળ શ્રમ કરવા માગતા હોય તેવા લોકો માટે સરકાર તરફથી મનરેગા યોજના શરૂ કરવામાં આવેલ જે અંતર્ગત ૮૬ વિધાનસભા વિસ્તારના ૧૭ ગામોમાં ૧ વર્ષ દરમિયાન ૮૬૪૦ કુલ માનવ દિવસો કામ અપાયું જેના અનુસંધાને ૨૪. ૪૨ લાખ રૂપિયાના કામની ફાળવણી, જેના અનુસંધાને ૨૨.૪૦ રૂપિયાની વેતન રોજગારી ફાળવણી . ઈવનગર ગામે ૪૯.૩૭ લાખ રૂપિયાના રસ્તાના કામનું ખાતમુહૂર્ત. રૂપાવટી વાળંદિયા ગામે ૦.૫ લાખ લિટરનો સંપ છે . ગોલાધર ગામે ૩ લાખ લિટરનો સંપ છે, વાલાસીમડી ગામે ૧.૫ લાખ લિટરનો સંપ છે . ઝાલણસર અને માખીયાળા ગામે ૨ લાખ લીટરનો સંપ છે. પાદરીયા પ્લસવા ગામે ૪.૫૦ લાખ લીટર સંપ છે . ઈવનગર ગામે ૩.૫૦ લિટર સંપ છે. આમ ઉપરોકત કામગીરી ધારાસભ્ય સંજય કોરડીયા દ્વારા કરવામાં આવી છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં આજે ૨૦૦૦ પ્રાથમિક શિક્ષકો દ્વારા પદયાત્રા, મહા પંચાયતનો કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જુની પેન્શન યોજનાને લઈને રાજયભરમાં વિવિધ માંગણીઓ સબબ પ્રાથમિક શિક્ષકો દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ત્યારે જૂનાગઢ શહેરમાં પણ આજે પ્રાથમિક શિક્ષકો દ્વારા પદયાત્રા અને મહાપંચાયતનું આયોજન કરવામાં આવેલ છે અને વિવિધ માંગણીઓ અંગે સરકારમાં રજુઆતો કરવામાં આવી રહી છે. જૂની પેન્શન યોજના સહિતની ૯ માંગોને લઈને પ્રાથમિક શિક્ષકો લડતના મૂડમાં આવી ગયા છે. દરમ્યાન આજે શનિવારના જૂનાગઢ શહેરમાં પદયાત્રા અને મહા પંચાયત યોજાનાર હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ અંગે અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘના જૂનાગઢના અધ્યક્ષ સુરેશભાઈ ખુમાણે જણાવ્યું હતું કે, જૂની પેન્શન યોજના સહિતના વિવિધ પડતર પ્રશ્નો સરકારે લાંબા સમયથી ઉકેલ્યા નથી. અગાઉ જયારે લડત કરાઈ હતી ત્યારે વિધાનસભાની ચૂંટણીને લઈ સરકારે માંગ સ્વિકારી હોવાનું જણાવી આંદોલન સમેટાવી લીધું હતું. જોકે, બાદમાં આ અંગે કોઈ ઠરાવ કર્યો ન હતો. જ્યાં સુધી ઠરાવ ન થાય ત્યાં સુધી પ્રશ્નનો ઉકેલ આવ્યો ન ગણાય. ત્યારે આ પડતર પ્રશ્નોના ઉકેલ માટે ફરી લડત શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘ જૂનાગઢ પ્રેરિત અને રાષ્ટ્રિય સંયુકત મોરચા આયોજીત જૂનાગઢમાં પદયાત્રા અને મહા પંચાયતનું આયોજન કરાયું છે. જૂનાગઢ જિલ્લામાં કુલ ૩,૭૦૦ જેટલા પ્રાથમિક શિક્ષકો છે. જેમાંથી ૨,૦૦૦ જેટલા શિક્ષકો શનિવારે પદયાત્રા અને મહા પંચાયતમાં જોડાશે. શહેરના સરદાર બાગ સ્થિત ઝાંસીની રાણીના પૂતળા પાસેથી બપોરના ૩ વાગ્યે પદયાત્રાનો પ્રારંભ થશે. આ પદયાત્રા બાદમાં બસ સ્ટેશન ચોકથી થઈને પરત સરદાર બાગ ચબૂતરા સુધી આવશે. બાદમાં સાંજના ૪ વાગ્યે સરદાર બાગ પાસે મહા પંચાયત યોજાશે.આમ, સરકાર દ્વારા શિક્ષકોના પડરત પ્રશ્નો ઉકેલવામાં રસ દાખવાતો ન હોય આ પ્રશ્નોના ઉકેલ માટે સરકાર સુધી અવાજ પહોંચાડવા વિવિધ કાર્યક્રમો કરવામાં આવશે તેમ જાણવા મળે છે.

# રાજકોટ નાટય શ્રેષ્ઠી કૌશિક સિંધવને પ્રતિષ્ઠીત મેયર એવોર્ડ

## રાજકોટ મહાનગરપાલિકાએ તેની ગોલ્ડન જ્યુબેલી વર્ષ ઉજવણી પ્રસંગે આજીવન રંગકર્મીને આપ્યું અદકેરું સન્માન



રાજકોટ તા. ૯

રાજકોટ મનપાએ તેના ગોલ્ડન જયુબેલી વર્ષની ઉજવણી નિમિત્તે રાજકોટ માટે મહત્વનું યોગદાન આપનાર માહેના એક આજીવન નાટય કલા સેવારત કૌશિક સિંધવને એક ગરીમાપુર્ણ સમારંભમાં રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાના હસ્તે 'મેયર એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. અભિનયના દરેક રેડિયો, ટીવી ફિલ્મસ તથા વિશેષતઃ રંગભૂમિ ક્ષેત્રે છ-છ દાયકાઓથી સાતત્યપુર્ણ રીતે અવેતનીક સેવામાં રહેનાર કૌશિકભાઈ હાલમાં પોતાના 'નાટય ફળીયું' એ નવોદિતોને નાટય તાલીમ આપી રહયા છે.

૮૦ વર્ષના પાધરે પહોંચેલા આ નાટય ઋષિ પુરૂષે રેડિયો, ટીવીના ૪૦૦ નાટકો, વોઈસ ઓવર આર્ટીસ્ટ તરીકે ૨૨૫ તેમજ અત્યંત નોંધનીય એવા ૭૦-૭૫ રંગભૂમિ નાટકો મળી કુલ ૭૦૦ અભિનય કૃતિઓમાં દશરથ, સરદાર પટેલ, દેવાયત આયર, રવિન્દ્રનાથ ટાગોર, જામ રણમલ, પોરહાવાળો, વી.એન. ગાણીલ તેમજ રામાયણ આધારીત બબ્બે નાટકોમાં રાવણ જેવા ભારેખમ્મ સેંકડો કિરદારોને સાક્ષાત જીવંત કરી ચુકયા છે.

નાટય વિષયક ૨૦૦થી વધુ પ્રાસંગિક લેખો વર્તમાન પત્રોમાં પ્રસ્તુત કરી પોતાનો એક વાંચક વર્ગ ધરાવે છે.

રામભાઈ મોકરીયા, મોહનભાઈ કુંડારીયા, દર્શનાબેન શાહ, રમેશભાઈ ટીલારા, ભાનુબેન બાબરીયા જેવા મહાનુભાવોની હાજરીમાં સન્માનિત કૌશિક સિંધવ આ પુર્વે ગુજરાતનો ગૌરવ પુરષ્કાર, રાષ્ટ્રપતિ ભવનના ડિગનીટરી ઈન્વાયરી સન્માન, આકાશવાણીનો એ ગ્રેડ તથા રાજકોટ રત્ન, ગારડી એવોર્ડ તથા અભિનય રત્નાકર અને હવે આ રાજકોટ મેયર એવોર્ડથી સન્માનિત થઈ છે ક નહેરૂથી લઈ નરેન્દ્ર મોદી સુધીના આ કલાધરે પોતાનું અને રંગભૂમિનું ગૌરવ વધાર્યુ છે.

# ખંભાળિયા, ભાણવડ વિસ્તારમાંથી ઝડપાયેલા રૂા. ૧૭.૬૪ લાખના દારૂ ઉપર ફરી વળ્યું સરકારી બુલડોઝર



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તથા ભાણવડ વિસ્તારમાં પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવેલી દારૂ અંગેની કાર્યવાહીમાં છેલ્લા છ માસ દરમિયાન વિદેશી દારૂનો તોતિંગ જથ્થો ઝડપાઈ ગયો હતો.

ખંભાળિયા વિસ્તારમાંથી ઝડપાયેલા રૂપિયા ૧૧,૧૬,૭૦૦ ની કિંમતની ૨,૭૪૪ બોટલ તેમજ ભાણવડમાં ઝડપાયેલી રૂપિયા ૬,૫૭,૨૦૦ ની કિંમતની ૧,૬૪૩ વિદેશી દારૂની બોટલ કોર્ટના આદેશ મુજબ નાશ કરવાના હેતુથી ગઈકાલે શુક્રવારે આ અંગેની કાર્યવાહી કરવામાં આવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિના વડપણ હેઠળ કરવામાં આવેલી આ કાર્યવાહીમાં કુલ રૂપિયા ૧૭,૬૩,૯૦૦ ની કિંમતની કુલ ૪,૩૮૭ વિદેશી દારૂની બોટલ પર અત્રે ધરમપુર વિસ્તારમાં આવેલી જિલ્લા પંચાયત કચેરીની પાછળ આવેલા સરકારી ખરાબામાં બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

આ કાર્યવાહી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ કે.કે. કરમટા તેમજ નશાબંધી શાખાના ઈન્ચાર્જ અધિક્ષક એસ.સી. વાળાની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

# પ્રાચી તીર્થ ખાતે શ્રી કોળી સમાજ સમુહ લગ્ન સમિતિ દ્વારા ૧૫માં સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૯

પ્રાચી તીર્થ ખાતે શ્રી કોળી સમાજ સમુહ લગ્ન સમિતિ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી કોળી સમાજ સમૂહ લગ્ન સમિતિ દ્વારા ૧૫મો સમૂહ લગ્ન ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. શ્રી માધવરાયજી ભગવાન ના સાનિધ્યમાં યોજનાર ૧૫મો સમૂહ લગ્ન ઉત્સવના આયોજન માટે સમૂહ લગ્ન સમિતિની બેઠક મળી જેમાં સવંત ૨૦૮૦ મહાવદી ૮ને તારીખ ૪-૩-૨૪ને સોમવારના રોજ પ્રાચી તીર્થ મુકામે યોજાશે જેમાં શ્રી કોળી સમાજના કોઈપણ જ્ઞાતિ બંધુઓએ આ સમૂહ લગ્નમાં જોડાવાની ઈચ્છા હોય તેઓએ પોતાના ડોક્યુમેન્ટમાં જન્મતારીખનાં દાખલાની ઝેરોક્ષ પાંચ, આધાર કાર્ડની ઝેરોક્ષ પાંચ, ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ પાંચ, કુપનની ઝેરોક્ષ પાંચ, આવકનું પ્રમાણપત્ર પિતા તથા માતાનું, બેંક પાસબુકની ઝેરોક્ષ, ૨૦૦ રૂપિયા એગ્રીમેન્ટ સ્ટેમ્પ બે અથવા ૧૦૦નાં સ્ટેમ્પ બે, માતા-પિતાના આધાર કાર્ડ તથા ચૂંટણી કાર્ડ ઝેરોક્ષ બે-બે નકલ, પાસપોર્ટ ફોટા બે, બક્ષીપંચના દાખલો વર તથા કન્યા એટલી વસ્તુ સાથે લાવવાની રહેશે. જે સમૂહ લગ્ન નોંધવાની શરૂઆત તારીખ ૧૪-૧-૨૪ થી ૫-૨-૨૪ સુધી નોંધણી કરવામાં આવશે જે નોંધણી કરવા માટે શ્રી કોળી સમાજ ભવન પ્રાચી જયસુખભાઈ રાઠોડ મો.૯૮૨૫૮૦૮૩૨૩ તથા જાદવભાઈ ચુડાસમા પત્રકાર ગાયત્રી સ્ટીલ પ્રાચી મો.૯૯૭૮૫૨૩૧૮૨ દ્વારા ફોર્મ સ્વીકારાશે તથા સમૂહ લગ્ન માટે આગામી સમયમાં એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજમાં સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો બેટી પઢાઓ, સમૂહ લગ્નમાં વધુમાં વધુ સમાજના દિકરા દિકરીઓને જોડાય તે માટે ચર્ચા વિચારણાઓ કરવામાં આવશે. તેમજ વ્યક્તિગત લગ્નમાં થતા ખોટા ખર્ચાઓ બંધ કરીને આ પૈસા શિક્ષણ અને પરિવારના વિકાસમાં વાપરવા તેમજ સમાજમાંથી અંધશ્રધ્ધા દૂર કરવી, વ્યસન મુક્ત સહિતના મુદ્દાઓની ચર્ચાઓ કરવામાં આવશે તેમ સમૂહ લગ્ન સમિતિ અખબારી યાદીમાં જણાવેલ છે.(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)



**તા.૪-૩-૨૪ને સોમવારના રોજ યોજાશે : ફોર્મ ભરવાની તા.૧૪-૧-૨૪ થી ૫-૨-૨૪ સુધી**

# સમસ્ત ગામ બીજ દ્વારા શ્રી કોળી સમાજનો ૨ સમૂહ લગ્નોત્સવ યોજાશે




(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૯

સમસ્ત બીજ ગામ દ્વારા શ્રી કોળી સમાજનો ૨ જો સમૂહ લગ્ન ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ સમૂહ લગ્ન ઉત્સવના આયોજન માટે સમૂહ લગ્ન સમિતિની બેઠક મળી હતી. જેમાં સવંત ૨૦૮૦ પોષ સુદ ૧૨ને તારીખ ૨૨-૧-૨૪ને સોમવારના રોજ બીજ મુકામે યોજાશે. જેમાં ગામની કન્યાઓને આ સમૂહ લગ્નમાં જોડાવામાં આવશે. જોડાવાની ઈચ્છા હોય તેઓએ પોતાના ડોક્યુમેન્ટ સાથે ફોર્મ ભરવાની તારીખ છેલ્લી ૩૧-૧૨-૨૩ સુધી નોંધણી કરવામાં આવશે. જે નોંધણી કરવા માટે જયસુખભાઈ વાજા મો.૮૧૪૦૧૦૨૦૨૦ તથા કાળુભાઈ વાઢેર મો.૮૪૬૯૭૭૫૬૧૫ તથા પરબતભાઈ મેર મો. ૯૯૭૪૦૬૮૨૬૭ તથા પાર્થ સ્ટુડિયો બીજ તથા માનવતા હોસ્પિટલ બીજ દ્વારા ફોર્મ સ્વીકારાશે તથા સમૂહ લગ્ન માટે આગામી સમયમાં એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજમાં સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો બેટી પઢાઓ, વ્યક્તિગત લગ્નમાં થતા ખોટા ખર્ચાઓ બંધ કરીને આ પૈસા શિક્ષણ અને પરિવારના વિકાસમાં વાપરવા તેમજ સમાજમાંથી અંધશ્રધ્ધા દૂરકરવી, વ્યસન મુક્ત સહિતના મુદ્દાઓની ચર્ચાઓ કરવામાં આવશે.(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# ખંભાળિયાની બદિયાણી હોસ્પિટલ ખાતે રવિવારે નેત્ર નિદાન, સારવાર કેમ્પ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૯

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા માનવ સેવા સમિતિ સંચાલિત એલ.પી. બદિયાણી હોસ્પિટલ ખાતે રવિવાર તારીખ ૧૦ ના રોજ સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી વિના મૂલ્યે નેત્ર નિદાન, સારવાર, દવા વિતરણ તથા શસ્ત્રક્રિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જાણીતા દાતા સદ ગૃહસ્થ લેસ્ટર (યુ.કે.) નિવાસી મિલીન નટવરલાલ રાસ તથા દીપકભાઈ મશરૂના સહયોગથી યોજવામાં આવેલા આ નિદાન કેમ્પમાં શિવાનંદ મિશન - વીરનગરની પ્રખ્યાત આંખની હોસ્પિટલના ડોકટરો તથા ટેકનીશિયનો તેમની સેવાઓ આપશે. દર્દીઓને સ્થળ પર જ તપાસી અને દવા તથા જરૂરી સારવાર ઉપરાંત જરૂરિયાતવાળા દર્દીઓને આ જ દિવસે બસ દ્વારા વીરનગર લઈ જઈને વિના મૂલ્યે ઓપરેશન બાદ ત્રીજા દિવસે અત્રે પરત મૂકી જવામાં આવશે. આ કેમ્પનો મહત્તમ લાભ લેવા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારના દર્દીઓને માનવ સેવા સમિતિના પ્રમુખ ધીરેનભાઈ બદિયાણી દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ઉનાનાં ખાપટ ગામે દશનામ સમાજ દ્વારા ચોથા સમુહલગ્ન યોજાયા




(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૯

ઉના તાલુકાના ખાપટ ગામે આવેલ ખોડિયાર મંદિરે મહંત ભૂપતપૂરી અમરપૂરી ગૌસ્વામીના સાનિધ્યમાં શ્રી દશનામ ગોસ્વામી અતિત સાધુ સમાજ ટ્રસ્ટ ખાપટ દ્વારા ચોથા સમૂહલગ્ન ભવ્ય રીતે યોજાયા હતા. આ પ્રસંગે થાણાપતિ શ્રી પંચ દશનામ જૂના અખાડા જૂનાગઢ મહંતના થાણાપતિ મહંત બુધ્ધગીરીબાપુ, ગુપ્ત પ્રયાગના સંત વિવેકાનંદબાપુ, રાંદલ દળવા મહંત અક્ષયપૂરી દિનેશપૂરી અને વિવિધ સંતો અને મહંતો, ઉનના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ અને તેની ટીમે હાજરી આપી નવદંપતીઓને આશીર્વાદ આપેલ હતા. આ સમૂહ લગ્નમાં સમાજના નવ યુવકો અને યુવતીઓએ પ્રભુતામાં પગલા પાડયા હતા અને શાસ્ત્રોક વિધિથી લગ્ન ગ્રંથિએ જોડાયા હતા. લગ્ન વિધિ શાસ્ત્રી રમેશભાઈ ઉમિયા શંકર દીક્ષિત અને વિદ્વાન બ્રાહ્મણોએ સંપન્ન કરવી હતી. આ પ્રસંગે આયોજકો દ્વારા વર કન્યાઓને ૬૦ થી વધુ વસ્તુઓ ભેટ આપી હતી. આ કાર્યક્રમ સફળ બનાવવા સમાજના આગેવાન સુંદર પૂરી કાનપુરી ગોસ્વામી, રાજેશભારથી, કિશોરભારથી, રમેશગીરી દાનગીર ગોસ્વામી, એડવોકેટ શૈલેષગીરી બાબુગીરી ગોસ્વામી, મનીષગીરી ચીમનગીરી ગોસ્વામી, યોગેશપૂરી ઈશ્વરપૂરી ગોસ્વામી, દિલીપગીરી સોમવારગીરી ગોસ્વામી તેમજ સમાજના તમામ આગેવાનોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ પૂરો થયા બાદ તમામે સમુહ ભોજન લીધું હતું.

## લાડી સિંધી પંચાયતના પુર્વ પ્રમુખ રમેશભાઈ શેવકાણીનો આવતીકાલે જન્મદિવસ



જૂનાગઢ તા. ૯

લાડી લોહાણા સિંધી પંચાયતના પુર્વ પ્રમુખ તેમજ સ્વામી લીલાશાહ મીત્ર મંડળના ચેરમેન રમેશભાઈ શેવકાણીનો આવતીકાલ તા.૧૦-૧૨-૨૩ ના રોજ જન્મ દિવસ છે. તેઓ ૬૯માં વર્ષમાં પ્રવેશ કરશે. આ પ્રસંગે તેમના મોબાઈલ નં.૯૪૨૭૯ ૪૬૮૨૨ ઉપર મિત્ર વર્તુળમાંથી જન્મ દિવસની શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.


# ખંભાળિયાની સરકારી સિવિલ હોસ્પિટલમાં જટિલ ઓપરેશન સફળતાપૂર્વક કરાયું

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૯

જામ ખંભાળિયામાં જિલ્લા સરકારી હોસ્પિટલ ખાતે ઈ.એન.ટી. સર્જન ડૉ. પુલકિત, જનરલ સર્જન ડૉ. નીતિન અને ઈદ્ર ના નિવાસી ડી.આર.પી. દ્વારા જમણા પેરોટીડ ગ્રંથિમાંથી વૉર્થિનની ગાંઠનું પ્રથમ વખત જટિલ ઓપરેશન કરવામાં આવ્યું હતું. ડૉ. કેતન જોશી, ડૉ. રાવ, ડૉ. શેખ, ડૉ. પ્રતિભા (ડીઆરપી), ડૉ. અનિલ અને ડૉ. સુફિયાને જનરલ એનેસ્થેસિયા આપવામાં આવ્યું હતું. દિનેશ અને ડિમ્પલ બહેન દ્વારા આસિસ્ટેડ આ ઓપરેશનમાં હોસ્પિટલના વર્ગ-૪ ના કર્મચારી ગોવિંદ અને જેઠીબેન દ્વારા સહકાર આપવામાં આવ્યો હતો. આ સર્જરી ૪.૩૦ કલાક સુધી ચાલી હતી અને સમગ્ર ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ થયું.

# ઉના તાલુકા કક્ષાનો કલામહાકુંભ ડી.એસ.સી.પબ્લિક સ્કૂલ ખાતે સંપન્ન



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૯

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ - ગાંધીનગર અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી - ગીર સોમનાથ સંચાલિત ઉના તાલુકા કલા મહાકુંભ- ૨૦૨૩ ગઈકાલે ડી.એસ.સી.પબ્લિક સ્કૂલ, લામધાર ફાટક,વેરાવળ રોડ -ઉના મુકામે યોજાયો હતો. પ્રાંત અધિકારી સી.પી. હિરવાણિયાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ની શુભ શરૂઆત ઈન્ડિયા વર્લ્ડરેકોર્ડ ધારક અને સ્વર ઉનાથી જાણીતા એવા મૃગનયની-ક્રિષ્નન મહેતાના નામધુર કંઠ અને વાદન થી પ્રાર્થના રજૂ કરી સંગીત કલામય વાતાવરણ બનાવ્યું હતું . ત્યારબાદ શ્રી ડી.એસ.સી. પબ્લિક સ્કૂલ -ઉનાના વિદ્યાર્થિની ઓ એ સ્વાગત નૃત્ય ગીત પ્રસ્તુત કરી ઉનાની કલા પ્રેમી જનતા - આમંત્રિત મહેમાનો નું સ્વાગત કર્યુ હતું અને સ્કૂલ પરિવાર દ્વારા માનવંતા અતિથિઓનું પુષ્પ ગુચ્છ થી સ્વાગત કરવામા આવ્યું હતું પ્રાસંગિક પ્રવચન સ્કૂલના ટ્રસ્ટી ભવ્યભાઈ પોપટ દ્વારા કરવામા આવ્યું હતું. ત્યારબાદ પ્રાંત અધિકારી સી.પી. હિરવાણિયા, સુપ્રસિદ્ધ અધિવક્તા દીપકભાઈ પોપટ તથા શાળાના તરૂણભાઈ કાનાબાર, ભવ્યભાઈ પોપટ, રાજેન્દ્ર ભાઈ કાનાબારના કર કમળથી કલાદીપ પ્રજ્વલિત કરી - પ્રાંત અધિકારી સી.પી. હિરવાણિયા સાહેબ ના શુભેચ્છા વક્તવ્ય બાદ ભારતીય શાસ્ત્રીય સંગીત સંસ્થાન-ઉના ના પ્રાચાર્ય કમલેશ મહેતાએ સ્કૂલ ટ્રસ્ટીગણ દિવ્યભાઈ પોપટ, રાજેન્દ્ર ભાઈ કાનાબાર, દીપકભાઈ નથવાણી તથા સંચાલક તરૂ ણભાઈ કાનાબાર, તથા આચાર્ય શ્રી ઓઝાને શાલ ઓઢાડી અને સૂત્રમાળાથી આદર સન્માન કરવામાં આવેલ હતું. કાર્યક્રમના દ્વિતીય ભાગમાં ઉના તાલુકા કલામહાકુંભ પ્રતિયોગિતાઓનો પ્રારંભ કરાયા હતો.સમગ્ર ઉના તાલુકાથી પધારેલા અંદાજિત ૧૫૦ થી વધારે પ્રતિભાગી સ્પર્ધકોએ કલામહાકુંભ ની વિવિધ ૧૪ સ્પર્ધાઓ ની વિવિધ કૃતિઓ પ્રસ્તુત કરી પ્રેક્ષકોને અભિભૂત અને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સંગીત સ્પર્ધાઓ ની અંદર સંગીત જ્યૂરિ મેમ્બર તરીકે કમલેશ મહેતા, શિક્ષાવિદ્ ચંદુભાઈ પુરોહિ , વિપુલભાઈ વોરા, ભીમાણીભાઈ, માનસિનભાઈ બામણિયા વગેરે એ પોતાની નિષ્પક્ષ ઉત્તર દાયિત્વ સંપન્ન કર્યું હતું. કાર્યક્રમનો આભાર વિધિ કલામહાકુંભ કન્વીનર શૈલેષભાઈ પટેલ દ્વારા સંપન્ન કરવામાં આવ્યો હતો. રંગ મંચ સંચાલન જિગ્નેશભાઈ પુરોહિત તથા જિતેન્દ્ર ભાઈ એ કરેલ હતું.

કાર્યક્રમના અંતે કાર્યક્રમમાં ઉપસ્થિત સ્નેહીઓ, સ્વજનો, કવિ, લેખકો, સર્જક, કલાકાર, પદાધિકારી, પત્રકારો સહિત નગરશ્રેષ્ઠીઓએ અલ્પાહાર ગ્રહણ કર્યો હતો. કાર્યક્રમ ને સફળ બનાવવા શાળાના આચાર્ય મહેશભાઈ ઓઝા ,અપરા બહેન તથા ડી.એસ.સી.પબ્લિક સ્કૂલ પરિવાર અને કલામહાકુંભ સમિતિ-ઉના એ પુરતો સહયોગ કર્યો હતો.

આમ, હર્ષોલ્લાસ પૂર્ણ રીતે ઉના તાલુકા કલામહાકુંભ સંપન્ન થયો હતો.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **દિલીપકુમાર નટવરલાલ કાનાબાર** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **દિલીપભાઈ નટવરલાલ કાનાબાર** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**દિલીપભાઈ નટવરલાલ કાનાબાર**
બ્લોક નં.૧૨ એ/૨, જલારામ સોસાયટી,
જયશ્રી ટોકીઝ પાસે, જૂનાગઢ - ૩૬૨૦૦૧

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **હીના દિલીપકુમાર કાનાબાર** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **હીનાબેન દિલીપભાઈ કાનાબાર** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**હીનાબેન દિલીપભાઈ કાનાબાર**
બ્લોક નં.૧૨ એ/૨, જલારામ સોસાયટી,
જયશ્રી ટોકીઝ પાસે, જૂનાગઢ - ૩૬૨૦૦૧

# દિપડાની વધી રહેલી વસ્તીને લઈને સરકાર ચિંતામાં



## વન વિસ્તારમાં થઈ રહેલા અતિક્રમણને લીધે વન્ય પ્રાણીઓ શહેરી વિસ્તારો તરફ વળ્યા : વન્યપ્રાણી અને માનવ વચ્ચે સંતુલન જાળવવા સરકાર દ્વારા પ્રક્રિયા હાથ ધરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

ગુજરાત રાજયના વન વિભાગના વડા એસ.કે. ચતુર્વેદી જૂનાગઢ અને સાસણની મુલાકાત લીધી હતી. ગઈકાલે તેઓ જૂનાગઢ આવી પહોંચતા તેઓનું વન વિભાગ દ્વારા ઉશ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. દરમ્યાન જૂનાગઢની મુલાકાતે આવેલા વન વિભાગના વડા એસ.કે. ચતુર્વેદી ભવનાથ ખાતે આવી પહોંચ્યા હતા અને જયાં ભવનાથ મહાદેવના દર્શન કર્યા હતા. આ તકે ભવનાથ મહાદેવ મંદિરના મહંત પૂજય હરીગીરી બાપુ દ્વારા તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. જૂનાગઢની મુલાકાતે આવેલા રાજયના મુખ્ય વન સંરક્ષક એસ.કે. ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, મેં ઘણા વર્ષો પહેલા ભૂતકાળમાં જૂનાગઢ ખાતે ફરજ બજાવી છે. જેથી જૂનાગઢ અને ભવનાથ દાદા પ્રત્યે મને આસ્થા હોવાથી દર્શનાર્થે આવતા ધન્યતા અનુભવું છું. વધુમાં તેમણે કહ્યું હતું કે, જંગલ વિસ્તારમાં અભિક્રમણ થવાને લીધે વન્ય પ્રાણીઓ શહેરી વિસ્તારો તરફ આવતા હોવાનું જોવા મળી રહ્યું છે. કારણ કે જંગલ વિસ્તારમાં તેમના રહેણાંકમાં લોકોની અવર-જવર વધી જતા દીપડો, સિંહ જેવા વન્ય પ્રાણીઓના શહેરી વિસ્તારમાં આંટાફેરા કરી રહ્યા છે. હાલ દિપડાઓની સંખ્યા વધી રહી છે તે હકિકત છે. પરંતુ વન્ય પ્રાણીઓ તથા માનવ જાતનું પણ મહત્વ રહેલું હોવાને લીધે સરકાર દ્વારા બંને સંતુલન કરવા માટેના કાર્યો હાથ ધરી રહ્યું છે.

વધુમાં જણાવ્યું કે, હાલ લાયન પ્રોજેકટની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જેને લઈને દેશના ફોરેસ્ટ મીનીસ્ટરે સાસણની મુલાકાત લીધી હતી. તેમજ આ પ્રોજેકટને લઈને સરકાર સંવેદનશીલ હોવાથી વહેલી તકે કામગીરી શરૂ કરશે તેમ જણાવ્યું હતું. દરમ્યાન દિપડાની વધી રહેલી વસ્તીને લઈને પણ સરકાર ચિંતામાં હોવાનું જાણવા મળે છે. રાજયના મુખ્ય વન સંરક્ષક એસ.કે. ચતુર્વેદીએ જૂનાગઢ અને સાસણની મુલાકાત દરમ્યાન વન વિભાગના અધિકારીઓ સાથે પણ બેઠક યોજી હતી અને સુચનો કર્યા હોવાનું જાણવા મળે છે.

# જૂનાગઢની વકીલાત આલમનું વિરલ વ્યક્તિત્વ એટલે હરીશભાઈ દેસાઈ

## વકીલાતની ૬ દાયકાની યશસ્વી કામગીરી પુર્ણ કરતા હરીશભાઈ દેસાઈનો આવતીકાલે ૮૫ મો જન્મદિવસ

જૂનાગઢ તા. ૯

હરીશભાઈ શંભુપ્રસાદ દેસાઈ આ નામથી જૂનાગઢમાં ભાગ્યેજ કોઈ અજાણ હશે. જૂનાગઢની વકીલ આલમમાં સન્માનપુર્વક લેવાતું નામ એટલે હરીશભાઈ. આવતીકાલે તેમનો જન્મદિવસ હોય, આ વિરલ વ્યક્તિત્વના સજજન વિષે એક ઋણાનુબંધના ભાગરૂપે તેમના વિષે જાણવાનો અને જણાવવાનો એક પ્રયાસ કરવામાં આવ્યો છે. તા. ૧૦ ડીસેમ્બર,૧૯૩૮ના રોજ જન્મેલા હરીશભાઈ દેસાઈ છેલ્લા ૬ દાયકા કરતા વધુ સમયથી વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ૧૯૬૩ માં તેમણે વકીલાતની કારકિર્દીની શરૂઆત કરી હતી. દિવાની અને રેવન્યુ બંને કેસોમાં તેમની માસ્ટરી રહી છે. એટલું જ નહીં તેમના પુત્ર અંસીન દેસાઈ અને તેમના પૌત્ર અંશ દેસાઈ હાલમાં ગુજરાત હાઈકોર્ટના વકીલ તરીકે યોગદાન આપી રહયા છે. અત્યંત સાલસ અને માયાળું સ્વભાવના હરીશભાઈ દેસાઈને તેમના સદ્ગુણો વારસામાં મળેલ છે. તેમના પિતા સ્વ.શંભુપ્રસાદ દેસાઈ સનદી અધિકારી હતા અને તત્કાલીન જૂનાગઢ સ્ટેટ તેમજ અન્ય રજવાડાઓમાં શંભુપ્રસાદ દેસાઈએ વરિષ્ઠ અધિકારી તરીકે સેવાઓ બજાવી હતી. ત્યારબાદ રજવાડાઓના વિલીનીકરણ બાદ સૌરાષ્ટ્ર સરકાર, બોમ્બે સરકાર અને ગુજરાત સરકારમાં પણ તેમણે સેવાઓ બજાવી હતી. જૂનાગઢના ઈતિહાસના આલેખન માટે આજે પણ સ્વ.શંભુપ્રસાદ દેસાઈના પુસ્તકોને ઓથોરીટી માનવામાં આવે છે. આવા શંભુપ્રસાદ દેસાઈના સુપુત્ર હરીશભાઈ દેસાઈ ઈતિહાસ અને કાયદાકીય ક્ષેત્રે એક હાલતી ચાલતી લાયબ્રેરી હોય એટલું વિશાળ જ્ઞાન ધરાવે છે. જૂનાગઢના વરિષ્ઠ વકીલ હોવા છતાં હરીશભાઈ દેસાઈ સમાજની નાનામાં નાની વ્યક્તિને પણ ન્યાય અપાવવા માટે હંમેશા તત્પર રહયા છે. તેમના વકીલાત કાળ દરમ્યાન ઘણા સિમાચિન્હરૂપ કેસોમાં તેમની મહત્વની ભૂમિકા રહી છે. આવતીકાલે તેમના જન્મદિવસ નિમિત્તે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પરિવાર, મહાસાગર ટ્રાવેલ્સ પરીવાર



તેમજ તેમના બહોળા ચાહક વર્ગ, પરીવારજનો, વકીલાત આલમ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. આવતીકાલે હરીશભાઈ દેશાઈનો ૮૫મો જન્મદિવસ હોય, મિત્રો, શુભેચ્છકો અને પરિવારજનોની ઉપસ્થિતિમાં ભારે પ્રિ- બર્થ ડે પાર્ટીની ભારે ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં તંત્રી અભિજીત ઉપાધ્યાય, મહાસાગર ટ્રાવેલ્સનાં એમ.ડી. કાળુભાઈ સુખવાણી, જગતભાઈ મશરૂ, જી.પી. કાઠી, કે.ડી. પંડયા, ધર્મેશ મિઠીયા, ઈકબાલભાઈ મારફતીયા, કરશનભાઈ ધડુક, દેવીદાસભાઈ, નિતીન સુખવાણી, જયેશ સુખવાણી વગેરેએ જન્મદિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી.


## અમારા કહ્યામાં નથી



હું નીચે સહી કરનાર, વલીમહંમદ અબ્દુલરહેમાન બલોચ ઉપરોકત ફોટાવાળો મારો દિકરો ફિરોઝ વલીમહંમદ બલોચ (ઉર્ફે ફૈઝુ) તે અમારા કહ્યામાં નથી. અમોએ તેની સાથે ઘરે આવવા જવાના તેમજ બધા જ પ્રકારના વ્યવહારો રદ કરી નાખેલ છે. તેથી જાહેર જનતાને જણાવવાનું કે, મારા પુત્ર ફિરોઝ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કે સંબંધ કે રોકડ વ્યવહાર કરવો નહિ અને જો કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી વ્યવહાર કરનારની રહેશે.

લી.

વલીમહંમદ અબ્દુલરહેમાન બલોચ

